RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 119* Date: 25.02.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

રશિયાનો યુક્રેનની રાજધાની કિવ સહિત ૧૧ શહેર પર એકસાથે હુમલા કરવામાં આવ્યા

ત્રીજા વિશ્વ યુદ્ધની ધાર પર વિશ્વ, યુક્રેનમાં વિસ્ફોટોના ધમાકા સાંભળ્યા

કીવ,તા.૨૪

તમામ પ્રયાસો છતાં દુનિયા ત્રીજા વિશ્વ યુદ્ધની ધાર પર પહોંચી ગયું છે. રશિયાએ આખરે યુક્રેન પર હુમલા શરૂ કર્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને યુક્રેન પર આક્રમણ કરવાનો આદેશ આપીને દુનિયા સામે ગંભીર સંકટ ઊભું કર્યું છે. પુતિને 'યુક્રેનના ડિમિલિટરાઈઝેશન અને ડિમિલિટરાઈઝેશન'ના હેતુથી વિશેષ લશ્કરી કાર્યવાહીની જાહેરાત કરી હતી. ઓસ્ટ્રેલિયન પીએમ સ્કોટ મોરિસને એક દિવસ પહેલા જ આશંકા વ્યક્ત કરી હતી કે રશિયા કોઈપણ સમયે યુક્રેન પર હુમલો કરી શકે છે. રશિયન હુમલા બાદ સોશિયલ મીડિયા પર ઘણી તસવીરો સામે આવી રહી છે. સંયુક્ત રાષ્ટ્રે શાંતિની અપીલ કરી છે.

રશિયાના રાષ્ટ્રપતિ પુતિને નાટોને કડક સ્વરમાં ચેતવણી આપી છે કે જો તે યુક્રેનને સહયોગ કરશે તો તેના પરિણામો ભયંકર હશે. રશિયન સેના યુક્રેન તરફ આગળ વધી રહી છે.યુક્રેનની રાજધાની કિવમાં નાગરિકોને ખુલ્લી લશ્કરી તાલીમ ચાલી રહી છે. રશિયા યુક્રેનને નાટોમાં સભ્યપદ આપવાનો વિરોધ કરે છે. પરંતુ યુક્રેનની સમસ્યા એ છે કે તેણે કાં તો અમેરિકા સાથે રહેવું પડશે અથવા સોવિયત સંઘની જેમ જૂના સમયમાં પાછા જવું પડશે. બંને સેનાઓ વચ્ચે ૨૦-૪૫ કિમીનું અંતર છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પહેલા જ રશિયાને ચેતવણી આપી હતી કે જો તે યુક્રેન પર હુમલો કરશે તો તેના પરિણામ ભયાનક આવશે. બીજી તરફ યુક્રેન પણ ઝૂકવા તૈયાર ન હતું. નાટો દળો તેના સૈનિકોને તાલીમ આપી રહ્યા છે. અમેરિકાને ડર છે કે જો યુક્રેન રશિયા પાસેથી આંચકી લેવામાં આવશે તો તે ઉત્તર યુરોપની મહાસત્તા તરીકે ઉભરી આવશે. તેનાથી ચીનને મદદ મળશે. એટલે કે, તે તાઈવાન પર કબજો કરશે.

યુક્રેનમાં ઘણી જગ્યાએ વિસ્ફોટ થયા છે. જેમાં યુક્રેનની રાજધાની કિવ પર ક્રુઝ અને બેલેસ્ટિક મિસાઈલથી હુમલાની માહિતી મળી હતી. યુક્રેનની રાજધાની કિવ પછી, ઓડેસા, ખાર્કિવ, ડોનેટ્સકમાં ઘણા વિસ્ફોટો સાંભળવામાં આવ્યા હતા.કહેવાય છે કે ૩૦૦ લોકોના મોત તયા છે. યુક્રેનની રાજધાની કીવમાં એરપોર્ટને બંધ કરી દેવાયુ છે. એરપોર્ટ ખાલી પણ કરી દેવાયુ છે. એરપોર્ટ પરથી ઉડનારી ત્રણ વિદેશી ફ્લાઇટોને હાલ રોકી દેવાઇ છે. આ તરફ યુક્રેન અને તેની આસપાસના વિસ્તારને નો ફ્લાય ઝોન જાહેર કરાયો છે. મહત્વનું છે કે રશિયાએ વહેલી સવારે યુક્રેન પર હુમલો કર્યો હતો. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને નેશનલ ટેલિવિઝન પર હુમલાની જાહેરાત કરી હતી.પુતિને ધમકીભર્યા સ્વરે કહ્યું હતુ કે રશિયા અને યુક્રેન વચ્ચે જો કોઈ દખલગીરી કરશે તો પરિણામ ખૂબ જ ખરાબ આવશે. યુદ્ધની જાહેરાત કરતાંની સાથે જ રશિયાએ યુક્રેનની રાજધાની કિવ સહિત ૧૧ શહેર પર એકસાથે હુમલો કર્યો છે. રશિયાએ કહ્યું છે કે યુક્રેનના લોકોને જોખમ નથી માત્ર સૈન્ય ઠેકાણા જ અમારા નિશાન પર છે. રશિયાએ યુક્રેન પર હુમલો કર્યા બાદ યુક્રેને પણ રશિયાને જડબાતોડ જવાબ આપ્યો છે. યુક્રેનની સેનાએ રશિયાના ૫ ફાઇટર જેટ તેમજ ૧ હેલિકોપ્ટર તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો છે. પૂર્વીય યુક્રેનમાં હુમલો કરવા આવેલા રશિયાના ફાઇટર જેટને યુક્રેનની સેનાએ તોડી પાડ્યા.પૂર્વીય યુક્રેનમાં રશિયાનું વિમાન તોડી પડાયું. પાંચ વિમાન તોડી પાડ્યા હોવાનો યુક્રેનનો દાવો, એક હેલિકોપ્ટર પણ તોડી પાડ્યું. યુક્રેને રશિયાનું ફાઇટર જેટ તોડી પાડ્યું છે રશિયાના સૈન્ય કાર્યવાહી વચ્ચે યુક્રેનના વિદેશ પ્રધાન દિમિત્રો કુલેબાએ કહ્યું કે પુતિને સંપૂર્ણ મોટાપાયે આક્રમણ શરૂ કર્યું છે. શાંતિપૂર્ણ યુક્રેન પર હમલો કરવામાં આવ્યો છે. આ આક્રમકતાનું યુદ્ધ છે. યુક્રેન આમાં પોતાનો બચાવ કરશે અને જીતશે. યુક્રેનની વાત કરીએ તો ત્યાં સ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે. જેના કારણે હવે યુક્રેનના રાષ્ટ્રપતિએ ત્યાં માર્શલ લૉ લગાવી દીધો છે. આ સાથે રશિયન હુમલા વચ્ચે નાગરિકોને ન ગભરાવાની પણ

અપીલ કરવામાં આવી છે.બીજી તરફ પુતિને એમ પણ કહ્યું કે યુક્રેન-રશિયા યુદ્ધ ટાળી શકાય નહીં. વ્લાદિમીર પુતિન તરફથી કહેવામાં આવ્યું છે કે રશિયા વિશેષ સૈન્ય અભિયાન શરૂ કરી રહ્યું છે. તેનો ધ્યેય યુક્રેનને બિનલશ્કરીકરણ કરવાનો છે.યુક્રેન પર હુમલા બાદ રશિયાના ડિફેન્સ અધિકારીઓ અને રાષ્ટ્રપતિ હાઉસે એક નિવેદનમાં જણાવ્યું છે કે અમારો ઉદ્દેશ્ય યુક્રેનને જીતવાનો કે તેને હરાવવાનો નથી.અમે પણ નથી ઈચ્છતા કે નિર્દોષ લોકોના મોત થાય. યુક્રેન પર રશિયાના હુનલા પછી હવે બેલારુસે પણ હુમલો કરવામાં આવ્યો છે. ખેરસન એરપોર્ટ પર પણ હુમલો કરવામાં આવ્યો છે. જ્યાં પર આગની ઉંચી ઉંચી લપેટો પણ દેખાઈ રહી છે.રશિયાને એક સાથે યુક્રેનિયન ૧૧ શહેરમાં હમલા કરવામાં આવે છે. રાજધાની નીવ વિકેતા સ્થાનિકમાં અસ્તિત્વ ધરાવે છે. યુક્રેનના પોર્ટ સિટી મારિયુપોલમાં ગુરુવારનાં સવારે અંદાજે ૩:૩૦ વાગ્યે ભયંકર વિસ્ફોટનો અવાજ સંભળાયો હતો. આ સ્થળ રશિયા બોર્ડર પાસે વિસ્ફોટથી ૩૦ માઈલ દૂર છે. એવી આશંકા છે કે, આ વિસ્તારમાં રશિયન સેનાએ ગોળીબાર કર્યો છે. આ સાથે અલગતાવાદીઓના હુમલામાં બે યુક્રેનિયન સૈનિકોના મોતના પણ સમાચાર સામે આવ્યાં છે. દરમિયાન, રશિયાએ બેલેસ્ટિક અને ક્રુઝ મિસાઈલના પરીક્ષણો સાથે પરમાણુ યુદ્ધાભ્યાસ શરૂ કર્યા છે.

ચંડીગઢમાં વિજળી કર્મચારીઓની હડતાળથી બ્લેકઆઉટ, સંકટ દુર કરવા ઇન્ડિયન આર્મી બોલાવવી પડી

ચંડીગઢ,તા.૨૪

ચંડીગઢમાં વિજળી સંકટને દુર કરવા માટે ભારતીય સેના આગળ આવી.ઈલેક્ટ્રિસિટી બહાલ કરવા માટે યુધ્ધ સ્તર પર કામ જારી છે.એન્જીનિયરની સાથે ભારતીય સેનાના લગભગ ૧૦૦થી વધુ જવાન લાગ્યા છે.ભારતીય સેનાનું કહેવુ છે કે લગભગ ૫૦ પાવર સેંટરને બહાર કરી દેવામાં આવ્યા છે.સેનાએ વિજળી વ્યવસ્થાને બહાલ કરવા માટે દિલ્હી જાલંધર અને અન્ય જગ્યાઓથી ટીમ બોલાવવામાં આવી છે.ૉ

જમ્મુ બાદ આ બીજીવાર છે જયારે આ રીતની સ્થિતિમાં સેના આગળ આવી છે.એ યાદ રહે કે વિજળી વિભાગના અનેક કર્મચારી હડતાળ પર ચાલ્યા ગયા છે જેને કારણે ચંડીગઢમાં વિજળીનું સંકટ ઘેરાયું છે વિજળી વ્યવસ્થાને બહાલ કરવા માટે ચંડીગઢના ઉપરાજયપાલે સેનાને અનુરોધ કર્યો હતો.

એ યાદ રહે કે વિજળી વિભાગના પ્રાઈવેટાઈજેશનની વિરૂધ્ધ ૧૨ ફેબ્રુઆરીએ વિજળી કર્મચારી અચાનક હડતાળ પર ચાલ્યા ગયા હતાં તેને કારણે ચંડીગઢને બ્લેકઆઉટનો સામનો કરવો પડી રહ્યાં છે.લગભગ ૩૬ કલાકથી વધુ સમગ્ર ચંડીગઢ અંધારામાં ડુબેલું રહ્યું વિજળી ન હોવાને કારણે લોકોને અનેક રીતની સમસ્યાઓનો સામનો કરવો પડયો હતો.

અચાનક વિજળી કર્મચારી ૭૨ કલાકની હડતાળ પર ચાલ્યા ગયા હતાં વિજળી કર્મચારીઓની આ હડતાળ કેન્દ્ર સરકાર દ્વારા ચંડીગઢના વિજળી વિભાગના ખાનગીકરણની ફાઈલને કલીયર કરી વિજળીનું કામ ખાનગી કંપની એમીનેંટને આપવાની વિરૂધ્ધ છે.યુનિયનનો આરોપ છે કે પ્રશાસને હાઈકોર્ટના આદેશનું અપમાન કરી વિજળી વિભાગનું ખાનગીકરણ કર્યું છે.કર્મચારી આ નિર્ણયને પાછો લેવાની માંગ કરી રહ્યાં છે.

વિજળી કર્મચારીઓની હડતાળને કારણે મોટાભાગના વિસ્તારોમાં અડધી રાતે જ વિજળી જતી રહી અને બીજા દિવસ સુધી આવી નહીં.પ્રશાસન અને વિજળી વિભાગની નિષ્ફળતાથી તમામ વ્યવસ્થાઓ ખોરવાઈ ગઈ જેથી હાહાકાર મચી ગયો વિજળી ન હોવાને કારણે અનેક વિસ્તારોમાં લોકોને પાણીની કમીનો પણ સામનો કરવો પડયો હતો. વિજળી પુરવઠો ન હોવાને કારણે વર્ક ફ્રોમ હોમ કરી રહેલ લોકોને ખુબ પરેશાની થઈ સમગ્ર દિવસ વિજળી ન આવવાને કારણે બાળકોની ઓનલાઈન પરીક્ષાઓ પણ પ્રભાવિત થઈ હાલ યુનિવર્સિટી અને કોલેજોની પરીક્ષાઓ ચાલી રહી છે વિજળી જવાને કારણે પરીક્ષાઓ પણ પ્રભાવિત થઈ

લોકોની પરેશાનીઓને જોતા પ્રશાસને વિજળી વિભાગના કર્મચારીઓ માટે પૂર્વ પંજાબ એસ્મા લાગુ કરી દીધ તે હેઠળ છ મહીના સુધી વિજળી વિભાગના કર્મચારી હડતાળ કરી શકે નહીં

હિજાબ બાદ હવે આવ્યો વધુ એક વિવાદ, બેંગ્લુરૂમાં શીખ યુવતીને પાઘડી ઉતારવાનું કહેતા મામલો બિચક્યો

બેંગ્લુરૂ,તા.૨૪

કર્ણાટકની કોલેજોમાં હિજાબ પર પ્રતિબંધને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે હવે વધુ એક નવો વિવાદ સામે આવ્યો છે. બેંગાલુરુની એક કોલેજમાં ૧૭ વર્ષની અમૃતધારી (બપતિસ્મા પ્રાપ્ત) શીખ છોકરીને તેની પાઘડી ઉતારવાનું કહેવામાં આવ્યું. કોલેજે કહ્યું કે, તેણે ૧૦ ફેબ્રુઆરીએ આપેલા હાઈકોર્ટના આદેશનું પાલન કરવું પડશે. જેમાં યુનિફોર્મ ડ્રેસ કોડ હોવાનું કહેવામાં આવ્યું છે. કર્ણાટક હાઈકોર્ટના આદેશે વિદ્યાર્થીઓને કોલેજના વર્ગખંડોમાં કેસરી શાલ, હિજાબ અને ધાર્મિક ધ્વજ અથવા આવાં કોઈ પણ ધાર્મિક પોશાક પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે.યુવતીના પરિવારે કહ્યું કે, કોલેજે ક્યારેય આ રીતે ભેદભાવ કર્યો નથી. હંમેશા વિચારશીલ અને નમ્ર જ રહી છે. કર્ણાટક સરકાર અને હાઈકોર્ટે આ બાબતે સ્પષ્ટ નિર્દેશો આપવા પડશે. માઉન્ટ કાર્મેલ પીયુ કોલેજ, બેંગાલુરુના વિદ્યાર્થી સંઘના પ્રમુખને ૧૬ ફેબ્રુઆરીના રોજ પ્રથમ વખત વિનમ્રતાપૂર્વક તેણી પાઘડી ઉતારવાનું કહેવામાં આવ્યું હતું. તેઓએ તેને ના પાડી દીધી. જયારે તેના પિતાએ કોલેજ પ્રશાસન સાથે વાત કરી ત્યારે તેઓએ કહ્યું કે, તે શીખ માટે પાઘડીનું મહત્વ સમજે છે પરંતુ હાઈકોર્ટના આદેશથી તેઓ બંધાયેલા છે.માઉન્ટ કાર્મેલ પીયુ કોલેજના પ્રવક્તાએ કહ્યું કે, "અમને છોકરીની પાઘડી પહેરવાથી કોઈ સમસ્યા ન હોતી. પરંતુ જયારે ફરી ૧૬ ફેબ્રુઆરીએ કોલેજ ખુલી ત્યારે અમે તમામ વિદ્યાર્થીઓને હાઈકોર્ટના આદેશ બાબતે જાણ કરી હતી. જયારે તેઓએ ડીડીપી (ઉત્તર) કૉલેજની મુલાકાત લીધી ત્યારે તેઓને હિજાબ પહેરેલી છોકરીઓનું એક જૂથ મળ્યું હતું. આથી તેઓએ તેમને ઓફિસમાં બોલાવીને હાઈકોર્ટના આદેશ વિશે જણાવ્યું હતું. ત્યારે આ છોકરીઓ હવે માંગ કરી રહી છે કે કોઈ પણ છોકરીને તેમના ધાર્મિક પ્રતીકો પહેરવા દેવામાં ન આવે. આથી તેઓએ શીખ યુવતીને પણ પાઘડી પહેરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આથી અમે છોકરીના પિતા સાથે વાત કરી અને બાદમાં તેઓને ઈ-મેઈલ કર્યો. અમે તેમને હાઈકોર્ટના આદેશ વિશે જાણ કરી અને તેનું પાલન કરવાનું કહ્યું. સામે પિતાએ જવાબ આપ્યો કે, તે (પાઘડી) તેમના જીવનનો એક અભિન્ન ભાગ છે. અમે દખલગીરી ન હોતા કરવા ઇચ્છતા પરંતુ અન્ય છોકરીઓ એક થઈને તેનો વિરોધ કરી રહી છે આથી અમારે તેમને ઈ-મેઈલ મોકલવો પડ્યો.'

જમ્મુ-કાશ્મીરમાં વર્ષ ૨૦૨૨માં ૨૪ આતંકવાદીઓ ઠાર, ૫ જવાનો શહીદ

,જમ્મુ,તા.૨૪

વીતેલા દોઢ મહિનામાં જમ્મુ-કાશ્મીરમાં ઠાર થતા આતંકવાદીઓની સંખ્યા લગભગ બમણી થઈ ચૂકી છે.જાન્યુઆરીથી માંડીને ૧૫ ફેબ્રુઆરી સુધીમાં અહીં લગભગ ૨૪ આતંકવાદી ઠાર થયા છે. તેમાં વિદેશી આતંકવાદીનો પણ સમાવેશ થાય છે.

સત્તાવાર આંકડા મુજબ, ગત વર્ષે આ સમયગાળામાં માત્ર ૮ આતંકવાદી ઠાર થયા હતા. ગયા વર્ષે જમ્મુ-કાશ્મીરમાં પોલીસ અને પ્રજા પર આતંકવાદી હુમલા થવાની ઘટના વધી જતાં કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદ વિરોધી અભિયાન તેજ કરવામાં આવ્યું છે. આ વર્ષે આરંભિક બે મહિનામાં સુરક્ષા દળના પાંચ જવાનો પણ શહીદ થયા છે. સામાન્ય નાગરિકની કોઈ હત્યા નોંધાઈ નથી. જમ્મુ-કાશ્મીરમાં વર્ષ ૨૦૨૧ દરમિયાન ૧૯૩ તો વર્ષ ૨૦૨૦માં ૨૩૨ આતંકવાદી ઠાર થયા હતા.

એક વરિષ્ઠ સરકારી અધિકારીના જણાવ્યા મુજબ, સુરક્ષા દળો વચ્ચે પહેલા કરતાં વધુ સમન્વય છે. ૨૯ જાન્યુઆરીના રોજ બડગામ અને પુલવામામાં હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં જૈશ-એ-મહમદ અને લશ્કર-એ-તોયબાના ૫ આતંકવાદી ઠાર થયા હતા. જમ્મુમાં એક ષડ્યંત્રનો પર્દાફાશ થતાં લશ્કર-એ-તોયબાના એક ત્રાસવાદીની ચીની હેન્ડ ગ્રેનેડ સાથે ધરપકડ કરવામાં આવી હતી. મળેલી બાતમી આધારે તપાસ હાથ ધરવામાં આવતાં તેના નિવાસેથી હેન્ડ ગ્રેનેડ અને અન્ય વાંધાજનક સામગ્રી મળી આવી હતી.

કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા મતવિસ્તારનું પરિસીમન કરવા રચાયેલા પંચની મુદતમાં કેન્દ્ર સરકારે એક જ વર્ષમાં બીજીવાર વધારો કર્યો છે. કેન્દ્ર સરકારે ૬ માર્ચ ૨૦૨૦ના રોજના જાહેરનામામાં સુધારો કરીને પંચની મુદતમાં બે મહિનાનો વધારો કર્યો છે. જાહેરનામાના બીજા ફકરામાં બે વર્ષની મદતનો ઉલ્લેખ હતો, જે વધારીને હવે બે વર્ષ અને બે મહિના એવો સુધારો કર્યો હતો. કાયદા અને ન્યાય મંત્રાલયે આ સુધારો જારી કર્યો હતો. હવે પરિસીમન પંચની મુદત ૬ મેના રોજ પૂરી થશે.

દેશમાં કોરોનાના નવા કોરોનાના ૧૪ હજારથી વધુ કેસ, ૩૦૨ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૩

દેશમાં આજે કોરોનાવાયરસ રોગચાળાના કેસોમાં થોડો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧૪ હજાર ૧૪૮ નવા કેસ નોંધાયા છે અને ૩૦૨ લોકોના મોત થયા છે. ગઈકાલે ૧૫ હજાર ૧૦૨ કેસ નોંધાયા હતા. એટલે કે ગઈકાલની સરખામણીએ આજે કેસમાં ઘટાડો થયો છે. છેલ્લા દિવસે દેશમાં ૩૦ હજાર ૯ લોકો સાજા થયા છે. જાણો દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧ લાખ ૪૮ હજાર ૩૫૯ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૧૨ હજાર ૯૨૪ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૨ લાખ ૧૯ હજાર ૮૯૬ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.

૧૯૯૧ થી પારસ ગ્રુપ આપની સેવામાં કાર્યરત

પારસ મેડીસીન્સ

દવાઓ

કીડની, કેન્સર,એચ.આઈ.વી. દવાઓ સ્પેશ્યલ ભાવમાં મળશે.

ડીસ્કાઉન્ટ
જેનરીક દવાઓ 50%, સર્જીકલ વસ્તુઓ 20%
દવાઓ 16% ,ઓટીસી વસ્તુઓ 3%

: સમય :
સવારે ૯:૦૦ થી રાત્રે ૧૦:૩૦,રવિવારે સવારે ૯:૦૦ થી ૧:૦૦
સાંજે ૫:૦૦ થી ૧૦:૦૦

કોઈ પણ રકમ ઉપર સમગ્ર ગાંધીનગરમાં દવાઓની Free Home Delivery

૯૬૮૭૮૯૧૮૭૮
૯૮૯૮૭૩૯૭૩૫

શોપ - ૪, પૂર્ણમ રેસીડેન્સી, પ્રોમીનેન્ટ હોટલની બાજુમાં, કુડાસન-પોર રોડ, કુડાસન, ગાંધીનગર.

જૈન મુનિએ જયોતિરાદિત્ય સિંધિયાને ભાવી મુખ્યમંત્રી બતાવ્યા

ભોપાલ,તા.૨૪

શું જયોતિરાદિત્ય સિંધિયા મધ્યપ્રદેશમાં શિવરાજ સિંહ ચૌહાણના ઉત્તરાધિકારી હશે.જયારથી સિધિયા કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા છે ત્યારથી આવી અટકળો અને કયાસનું બજાર ગરમ છે.હવે ગ્વાલિયરમાં જૈન મુનિ વિહર્ષ સાગર મહારાજે જયોતિરાદિત્ય સિંધિયાના મુખ્યમંત્રી બનવાની ભવિષ્યવાળી કરી છે.

ગ્વાલિયરમાં એક કાર્યક્રમ દરમિયાન જૈન મુનિ વિહર્ષ સાગર મહારાજે પોતાના સંબોધન દરમિયાન જયોતિરાદિત્ય સિંધિયાને ભાવી મુખ્યમંત્રી બતાવ્યા આ કાર્યક્રમમાં જયોતિરાદિત્ય સિંધિયા પણ હાજર હતાં. જૈન મુનિએ કહ્યું કે સિધિયાને આગામી કેટલાક દિવસોમાં તમે મુખ્યમંત્રી તરીકે જોઇ શકશો.જૈન મુનિએ કહ્યું કે સિંધિયા પરિવારે હંમેશા ધર્મ પ્રત્યે પોતાની આસ્થા વ્યકત કરી છે.જનસેવલાને પોતાનું માધ્યમ બનાવ્યું છે સિંધિયા જે રીતે સામાન્ય લોકોની સેવા કરી રહ્યાં છે અને સમગ્ર પ્રદેશના વિકાસ માટે ચિંતિત રહે છે તેમને આશા છે કે આવનારા કેટલાક સમયમાં જયોતિરાદિત્ય સિંધિયા પ્રદેશનું સુકાન સંભાળશે અને મુખ્યમંત્રી બનશે.

મુનિ વિહર્ષ સાગર મહારાજે કહ્યું કે યુધ્ધ કોઇ પણ હોય પછી ભલે મહાભારતનું હોય કે રાજનીતિનો હોય કે યુધ્ધ ધર્મનું હોય જીતવા માટે ત્રણ વસ્તુ જરૂરી હોય છે પહેલું ગુણ ધર્મ,જે મહારાજ(સિંધિયા)માં સ્પષ્ટ જણાયા છે.બીજો ગુણ હોય છે સાહસ,તે આ ગુણ પોતાના કાર્યોથી બતાવી ચુકયા છે.ત્રીજો ગુણ હોય છે ધૈર્ય જે તેમની બાબતમાં સમજવાની જરૂરત નથી

તંત્રી સ્થાનેથી...

ઘટતું મતદાન

પંજાબ સહિત કેટલાંક રાજ્યોમાં મતદાનમાં થયેલ ઘટાડો દુનિયાના સૌથી મોટા લોકતંત્રની દૃષ્ટિએ સારો સંકેત ન કહી શકાય. ચિંતાની વાત એ પણ છે કે શહેરી ક્ષેત્રોમાં ગ્રામીણ ક્ષેત્રોના મુકાબલે ઓછું મતદાન થયું. પંજાબ અને ઉત્તર પ્રદેશના શરૂઆતી ચરણોવાળા શહેરી મતદાન ક્ષેત્રોમાં આ પ્રવૃત્તિ જોવા મળી. સામાન્ય ધારણા છે કે શિક્ષિત મતદાતા લોકતંત્રને સુધારવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. પરંતુ રાજનીતિની ગુણવત્તામાં આવેલ પતન અને રાજ્ય સરકારોના કંગાળ પ્રદર્શનને કારણે મતદાર પણ ઉદાસીન થયો છે. રાજકીય પક્ષો વાયદા તો આસમાની કરે છે, પરંતુ તેમના વાયદા હકીકત બનતા નથી. પંજાબમાં છેલ્લી ત્રણ વિધાનસભા ચૂંટણીઓ કરતાં ઓછું મતદાન થયું. આ વખતે મતદારો પાસે જનપ્રતિનિધિ ચૂંટવાના વધુ વિકલ્પો હતા એટલે ઊંચા મતદાનની આશા હતી. પરંતુ એવું ન થઈ શક્યું. આ વખતે તેરસો કરતાં વધારે ઉમેદવાર ચૂંટણી મેદાનમાં હતા, જેમની સંખ્યા પાછલી વિધાનસભા ચૂંટણીમાં કુલ અગિયારસો જેટલી હતી. કહી શકાય કે આ પ્રતિનિધિ ગુણાત્મક રૂપે મતદારોની આકાંક્ષાઓને અનુરૂપ ન હતા. કારણ એ પણ હોઈ શકે કે આ ઉમેદવારોમાંથી ચોથા ભાગના અપરાધિક પ્રવૃત્તિના હતા.

કહેવાય છે કે દાગી ઉમેદવારોની ચૂંટણીમાં મોટી સંખ્યામાં સક્રિયતાએ કેટલાક મતદારોનો મોહભંગ કર્યો, જેને કારણે કેટલાય લોકોએ મતાધિકારનો પ્રયોગ કરવામાં ઉદાસીનતા દર્શાવી. ચૂંટણી પહેલાં રાજકીય પક્ષો અને ઉમેદવારોના તકવાદે પણ મતદારોને નિરાશ જ કર્યા. રાજકીય કોલાહલ અને આરોપ-પ્રત્યારોપોની રાજનીતિને અમૃતસર પૂર્વમાં સરેરાશ કરતાં ઓછા મતદાનનું કારણ મનાય છે. અહીં ચૂંટણી મેદાનમાં ચર્ચિત રાજનેતાઓ હતા. રાજ્ય કૉંગ્રેસ પ્રમુખ નવજોત સિંહ સિદ્ધુ સામે અકાલી દિગ્ગજ વિક્રમ સિંહ મજીઠિયા મેદાનમાં હતા. આક્રમક ચૂંટણી પ્રચારનો લાભ પણ આ નેતાઓને મતદાન રૂપે ન મળી શક્યો. ક્યાંકને ક્યાંક મતદારોની રાજ્યવ્યાપી ઉદાસીનતા, અરુચિ અને મોહભંગ જેવી સ્થિતિના મૂળમાં વિભિન્ન સરકારોનું નિરાશાજનક પ્રદર્શન પણ રહ્યું છે. લગભગ તમામ રાજકીય પક્ષો પોતાના ઢંઢેરામાં કરવામાં આવેલા મોટા-મોટા વાયદાને હકીકતમાં બદલવામાં નિષ્ફળ રહ્યા છે. આ સ્થિતિ રાજકીય પક્ષો અને જનપ્રતિનિધિઓને આત્મનિરીક્ષણનો અવસર આપે છે કે કેમ મતદાનથી મોહભંગ થવાની પ્રક્રિયામાં ઝડપ આવી છે. તેમના પ્રત્યે ઉપજેલ અવિશ્વાસ કેવી રીતે દૂર કરી શકાય છે. બીજી તરફ ચૂંટણી પંચના અધિકારીઓએ પણ આત્મમંથન કરવું જોઇએ કે મતદારોને મતદાન માટે પ્રેરિત કરવા માટે તેમનું અભિયાન કેમ રંગ ન લાવ્યું? નિઃસંદેહ મતદાન પ્રત્યે ઉદાસીનતાનો આ ભાવ ભારતીય લોકતંત્ર પ્રત્યે શુભ સંકેત ન કહી શકાય.

સુખ દુઃખમાં સમતાનો ઉપાય

વિનોદભાઈ માછી નિરંકારી

વર્તમાન ભૌતિકયુગમાં મનુષ્ય સુખ અને શાંતિની શોધમાં ભટકી રહ્યો છે.પ્રાચીન સમયની તુલનામાં આજે મનુષ્ય પાસે ભૌતિક સુખ અને સુવિધાઓનો ભંડાર ભરેલો છે.ઓછી મહેનતે વધુ કાર્ય થવું એ આજના યુગની વિશેષતા છે. દિવસે દિવસે વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓના પરીણામ સ્વરૂપ શારીરિક પરીશ્રમ ઘટતો જાય છે. વર્તમાન સમયમાં મોટા ભાગના વ્યક્તિઓનો એક જ ધ્યેય હોય છે કે વધુમાં વધુ ધન કમાવવું,પછી ભલે તે ધન નીતિથી કમાય કે અનીતિથી. જે મનુષ્યએ ભૌતિક સુખ સુવિધાઓ તો પ્રાપ્ત કરી લીધી પરંતુ તે પોતાના જીવનના વાસ્તવિક સુખથી ઘણો જ દૂર નીકળી ગયો છે તેને મેળવવા કરતાં ગુમાવ્યું વધુ છે. મનુષ્યને સુખ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે તેનું મન શાંત હોય. હવે પ્રશ્ન એ થાય કે મન ક્યારે અને કેવી રીતે શાંત થાય? માનવીની ઇચ્છાઓનો કોઇ અંત નથી અને આ ×ઇચ્છાઓ દુઃખની માતા છે× અને તે જ દુઃખ નિર્માણ કરે છે. આપણા જીવનમાં ઇચ્છાઓની મર્યાદા હોવી જોઇએ.જીવનમાં જો ઇચ્છાઓ ઉપર કાબૂ આવી જાય તો સુખ-દુઃખના તત્વો સમજાઇ જાય છે.

સંતો આપણને સમજાવે છે કે જેવડો પ્લોટ હોય એવડો બંગલો ના હોય.બાંધકામનો નિયમ હોય છે કે જેવડો પ્લોટ હોય તે આખામાં આપણે બાંધકામ કરી શકતા નથી.આપણે અમુક જગ્યા છોડવી પડે છે અને બંગલો હોય એવડો કોઇ દિવસ દરવાજો ના હોય, તે એનાથી નાનો હોય છે અને દરવાજો હોય એવડું કોઇ દિવસ તાળુ ના હોય અને તાળુ હોય એવડી ચાવી ના હોય પણ એક નાનકડી ચાવી આખા બંગલાને ખોલે અને આખા બંગલાને બંધ કરે. સુખ અને દુઃખના દ્વારને ખોલવાનું અને બંધ કરવાનું કામ માનવીના શરીરમાં ફક્ત મન કરે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા કહે છે કે ×મન એવમ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો.× ચાવી બિલ્કુલ નાની એવી હોય છે પરંતુ એ ચાવી ક્યાં મળે? એ કૂંચી મારા ગુરૂજીના હાથ, એવા ગુરૂજી મળે તો તાળાં મારાં ઉઘડે રે,એ કૂંચી મારા ગુરૂજીના હાથ.

હવે પ્રશ્ન થાય કે સદગુરૂ કેવા હોવા જોઇએ? જેમ ચોમાસામાં વાવેલું તો ઉગે છે પરંતુ તેના કરતાં વધુ ફાલતું ઉગી નીકળે છે.પુરાતન સમયમાં જ્ઞાન પ્રદાન કરનાર વિભૂતિને ગુરૂ શબ્દથી ઓળખવામાં આવતી હતી પરંતુ વર્તમાન સમયમાં ચોમાસામાં ફુટી નીકળતા નકામા ઘાસની જેમ ઠેર ઠેર ગુરૂઓ ફુટી નીકળ્યા છે. જે શિષ્યનું ધન તો હરણ કરે છે પરંતુ તેનો શોક હરતા નથી. આ માટે ગુરૂ કેવા હોવા જોઇએ? તે વિશે માર્ગદર્શન આપતાં ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવદ ગીતામાં કહે છે કે: "તૂં તત્વજ્ઞ જીવન્મુક્ત મહાપુરૂષની પાસે જા,તેમને દંડવત પ્રણામ કર,તેમની સેવા કર અને પોતાની જિજ્ઞાસાની પૂર્તિના માટે નમ્રતાપૂર્વક પ્રશ્ન કર, તો તે તત્વજ્ઞાની જ્ઞાની મહાત્મા તને જ્ઞાનનો ઉપદેશ આપશે." સાધકે સદગુરૂની પાસે રહીને તેમની આધિનતામાં સેવા કરવી જોઇએ.એવા સદગુરૂ કે જે પોતાની દ્રષ્ટિમાં વાસ્તવિક બોધવાન,ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ અને તત્વજ્ઞ હોય,બ્રહ્મદર્શન કરાવી શકે, જે કર્મયોગ-જ્ઞાનયોગ અને ભક્તિયોગને સારી રીતે જાણતા હોય, જેમના સંગથી અને વચનામૃતથી આપણા હૃદયમાંની તમામ શંકાઓ, સંશયો, ભ્રમો, ભ્રાંતિઓ વિના પુછે જ આપો આપ દૂર થઇ જાય, જેમની પાસે રહેવાથી પ્રસન્નતા અને શાંતિનો અનુભવ થાય, જે આપની સાથે ફક્ત આપના હિત માટે જ સબંધ રાખતા હોય એવા સદગુરૂની પાસે રહેવુ જોઇએ અને પોતાના ઉધ્ધાર માટે જ તેમની સાથે સબંધ રાખવો જોઇએ.

કૂંચી હોય છે આવા સદગુરૂની પાસે અને તેમની પાસે એક જ કૂંચી ના હોય કૂંચીઓના ઝુમખાં હોય છે. આપણે જોઇએ છીએ કે તાળાં બગડી જાય ત્યારે રીપેરીંગ કરનાર ચાવીઓનાં ઝુમખાં લઇને આવે છે.આપણું બગડેલ તાળું કદાચ એક ચાવીથી ના ખુલે તો બીજી લગાવે, તો પણ તાળું તૂટે પણ ખુલે નહી પછી તે યુક્તિ કરી તાળામાં તેલ નાખે છે અને વારાફરતી અનેક ચાવીઓ નાખી તાળું ખોલી નાખે છે તેવી જ રીતે સંતોએ કૂંચીઓવાળા હોય છે, તેઓ ચાવીઓના ઝુમખાઓ લઇને ફરતા હોય છે.

×મનને અનુકૂળ વાતાવરણ એનું નામ સુખ અને મનને પ્રતિકૂળ વાતાવરણ એનું નામ દુઃખ.× આપણે બંગલામાં રહેતા હોઇએ છતાં આપણા મનને અનુકૂળ વાતાવરણ ના હોય તો આપણને સુખ મળતું નથી અને ઝુંપડામાં રહેતા હોઇએ પણ આપણા મનને અનુકૂળ વાતાવરણ હશે તો સુખ મળે છે. ×એક ગામડાનો ધનિક વણિક વેપારી ગામડામાંથી જઇ મુંબઇમાં બંગલો બનાવી ત્યાં સ્થાઇ થયા.એકવાર પોતાના ગામનો જ એક ખેડૂત ધંધાર્થે ડુંગળીની ટ્રક ભરી લઇ વેચવા મુંબઇ આવ્યો.પોતાના જ ગામનો વણિક મિત્ર મુંબઇમાં રહેતા જાણી,પેલો ખેડૂત ડુંગળી વેચી ખાલી બારદાન લઇ તેમના બંગલે મળવા ગયો.વર્ષો સુધી ગામડામાં સાથે ઉછર્યા હોવાથી શેઠે ખુબ જ આગતા-સ્વાગતા કરી ભાવતાં ભોજન જમાડ્યાં. સુંદર મઝાનો એરકંડીશ્નર રૂમ સુવા માટે આપ્યો પરંતુ આ ભાઇને મોડી રાત સુધી ઉંઘ આવતી નથી તેને અકળામણ થાય છે.રૂમમાં એરકંડીશન ચાલુ છે, ટી.વી.ચાલુ છે, સુંદર મઝાનાં ગાદલાં છે છતાં ચેન પડતું નથી. મોડી રાત્રે તે પોતાની પાસેના ડુંગળીના ખાલી બારદાન લઇ ગેલેરીમાં પાથરીને સૂઇ ગયો.સવારે શેઠ જુવે છે તો ખુબ જ આશ્ચર્યચકિત થઇ જાય છે.ખેડૂતે શેઠને સમજાવ્યું કે અમે ડુંગળીના ખેતરમાં જમીન ઉપર સુવા ટેવાયેલા છીએ તે વાતાવરણ જ અમોને અનુકૂળ આવે, મને તમારા મુંબઇનું બંગલાનું વાતાવરણ અનુકૂળ ના આવે.

સુખ અને દુઃખએ મનને અનુકૂળ અને મનને પ્રતિકૂળ વાતાવરણનો ખેલ છે એટલે જ સંતો સમજાવે છે કે મનને હરિ ભજનમાં ડૂબેલું રાખો, હરિ ભજન નહી હોય તો ઇચ્છાઓ અતિ વધી જશે અને માણસ દુઃખી થશે. આપણે જીવ છીએ એટલે ઇચ્છાઓ તો થવાની જ પરંતુ એની પણ મર્યાદા હોવી જોઇએ.

બીજો રસ્તો બતાવતાં સંતો કહે છે કે જીવનની તરફ આપણો દ્રષ્ટિકોણ કેવો છે તેના ઉપર આધાર છે. જો દ્રષ્ટિ બદલાઇ જાય તો સુખ દુઃખ બની જાય છે. દ્રષ્ટિ દૂર જાય તો દુઃખ જ સુખ બની જાય છે.સંતો જો આપણી ઉપર કૃપા કરે તો આપણા દુઃખોને સુખમાં ફેરવી નાખે છે.સંતોનો સ્વાભાવ હોય છે કે તે ફક્ત ચશ્મા ફેરવી નાખે છે,નંબર બદલી નાખે છે.આપણે એક દ્રષ્ટાં ત સાંભળીયે છીએ કે..

એક શહેરમાં પ્રદર્શન ભરાયું અને તેમાં એવી જાહેરાત કરવામાં આવી કે અહી તમામ પ્રકારની વસ્તુનઓ લાલ જ રાખવી. દુકાન લાલ,તેનો માલિક પણ લાલ કપડાં પહેરે,દુકાનમાં વેચવાની તમામ પ્રકારની ચીજવસ્તુઓ પણ લાલ.આ પ્રદર્શન જોવા નગરનો રાજા અને તેમનો કુંવર ગયા. પ્રદર્શનમાં બધુ લાલ જોઇ રાજકુંવર નાચી ઉઠ્યો.રાજ કુંવરે ઘેર આવીને રાજાને કહ્યું કે પિતાજી આપણો મહેલ લાલ કરાવો.રાજાએ સમજાવ્યું કે એ તો એક મહીના માટે પ્રદર્શન હતું એ જોઇને કંઇ આપણો મહેલ લાલ ના બનાવાય,છતાં રાજકુંવરની જીદ પુરી કરવા માટે રાજાએ મહેલને લાલ બનાવડાવ્યો પછી રાજકુંવરે કહ્યું કે આજથી આપણા મહેલમાં તમામે લાલ કપડાં પહેરવાં તથા મારી સ્કૂલ પણ લાલ કરાવો. રાજાએ તેમ કર્યું પછી રાજા વિચાર કરે છે કે આ છોકરો રાજ્યની તિજોરી ખાલી કરાવશે. હવે કરવું શું? એટલામાં એક રમતા રામ સંત નગરમાં પધાર્યા. કોઇએ રાજાને કહ્યું કે આ સાધુને મળીને આનો ઉપાય પૂછો? રાજા સંતની પાસે ગયા અને તમામ વિગત સમજાવી. સંતે રાજાને સમજાવ્યું કે રાજકુંવરને લઇને તમે કાલે મારી પાસે આવજો. સંતે બીજું કાંઇના કર્યું બે રૂપિયાના લાલ કલરના ચશ્મા લઇને રાજકુંવરને પહેરાવી દીધા અને રાજકુંવર નાચવા લાગ્યો, જે કામ બે લાખમાં ના પત્યું તે બે રૂપિયામાં પતી ગયું. ઘોડાગાડીના ઘોડાની વાત છે કે ચોમાસું આવે એટલે ઘોડાને લીલું ખાવાની ટેવ પડી જાય પછી શિયાળો અને ઉનાળો આવે ત્યારેય એ લીલું જ માંગે, લીલું ખાવા ન મળે તો સુકું ઘાસ ખાય નહી પછી હોશિયાર ઘોડાગાડીવાળો ઘોડાને લીલા કાચના ચશ્મા પહેરાવી દે એટલે જે જુવે તે લીલું. ડાબલા જ બદલવાના હોય છે. રોજ લીલું ક્યાંથી લાવવું? રોજ સુખ ક્યાંથી મળે? એ તો થોડો સમય દુઃખ ચાદર ઓઢીને સૂઇ જાય છે ત્યારે આપણને ભ્રાંન્તિ થાય છે કે હું સુખી થઇ ગયો પરંતુ આપણે એમ સમજવાનું છે કે દુઃખ આરામ કરે છે.

સુખ અને દુઃખની પ્રતિક્રિયા માણસ ઉપર થાય છે.દુઃખ આવે ત્યારે ફલાણાના લીધે મને દુઃખ થયું, ગ્રહો નડ્યા આવા જુદા જુદા કારણો આપીને મન મનાવવાના નાદમાં જ આપણું જીવન ચાલ્યું જાય છે. જીવન એટલે સુખ દુઃખનુ મિશ્રણ નહી,પરંતુ સુખ અને દુઃખમાં સમતા એ જ જીવન છે.સંસારમાં સર્વોત્તમ સુખની પ્રાપ્તિનું સાધન છે: સંતોષ.અસંતોષી મનુષ્ય હંમેશાં દુઃખી જ રહે છે.સાંસારીક ભોગોમાં સંતોષ સાધન છે અને ભગવત જનોમાં સંતોષ એ વિઘ્ન છે એટલે ભજનમાં ક્યારેય સંતોષ ના રાખવો.ભજન અને પરમાર્થના કાર્ય તો જેટલાં કરવામાં આવે તેટલાં ઓછાં છે.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

અમેરિકા સ્થિત નિકેતા વ્યાસની ગઝલનો આસ્વાદ..

સતીન દેસાઈ પરવેઝ દીમિ 'ગુરૂ'

ગઝલ

નભ, બે પાંપણીયે પાથરી બેઠી.
સાંજને સહજ મુઠ્ઠીમાં બાંધી બેઠી.
એક ખયાલ સહજથી ખોલ્યો કે ..
ગઝલને જીન્દગીમા સાંધી બેઠી.
રેતી જેમ વિસ્તર્યા ટેરવાં એના
હિલોળે મન, હું કાંધી થઇ બેઠી.
ટાઢો સુરજ ને હવે રાતો આથમણી
આંખે તરસ્યાં વહાણ લાંધી બેઠી.
ફરી-ફરી દોરું ને ભૂંસું લીટીઓ તટે
રેતીમાં આપણું ઘર એક બાંધી બેઠી.

નિકેતા વ્યાસ

'બેઠી' રદીફને આનંદપ્રદ આસને ગઝલસ્થ કરતી અમેરિકા સ્થિત કવયિત્રી નિકેતા વ્યાસ ઉપરોક્ત પાંચ શેરમાં નભને ય મુઠ્ઠીમાં સહજ બાંધી , વાસ્તવના રેતાળ કિનારે આવાસ નિર્મી કેવા-કેવા ઉલ્લાસ

હિલોળે ચડે છે! એ વિશે નભ ભણી દ્રષ્ટિ કરી જોઈએ.

'નભ, બે પાંપણી યે બાંધી બેઠી.
સાંજને સહજ મુઠ્ઠીમાં બાંધી બેઠી.'

બે પાંપણે જ નહીં સૂક્ષ્મ પાંપણી યે નભને

બાંધવાના ત્રેવડ ધરાવતી કવયિત્રી ઉપરોક્ત શેરમાં નભ, પછીના અલ્પ વિરામે ભલે અટકી નભ નિર્દેશિત કરતાં હોય, એનાં ગૂઢાર્થમાં એ તો એમ કહે છે કે..

'નભ બે, પાંપણીએ પાથરી બેઠી.'

અર્થાત બે નભને , બે ક્ષિતિજને સાંજે સહજ પાંપણની પાંખડીએ પાથરી અને મુઠ્ઠીમાં બાંધી એનું અધિકારત્વ સંપાદિત કર્યું છે. આ અલ્પ વિરામનું ભાષાકર્મ અનન્ય છે.

બીજો શેર એ ખયાલના સજીવારોપણમાં

વાણીમય ઉચ્ચારના પરિણામે ઘટતી અકલ્પ્ય ઘટનાનો આલેખ છે..જેનું પૃથક્કરણ શેર ટાંકીને જ કરીએ.

'એક ખયાલ સહજથી બોલ્યો જ કે..
ગઝલને જીંદગીમાં સાંધી બેઠી.'

આપ જોઈ શકશો કે કવયિત્રી ખયાલ ઉર્દૂ શબ્દને વિચારની જગ્યાએ પરોવી એના પરિણામમાં એક બીજી ઉર્દૂ નિષ્પત્તિ ગઝલના રૂપમાં આપણને આપે છે. સ્હેજ અમસ્તો જ ખયાલ ઉચ્ચરિત થતાં જ જીંદગી આખી ય ગઝલમાં વણાઈ જાય , એવો સુફીયાના અંદાજ અહીં જણાય છે.એકમાત્ર દિવ્ય ખયાલનો ઉદભવ જ અસ્તિત્વનો તારણહાર બની શકે છે..

મૂળ તો સજીવારોપણ અલંકારમાં જ શ્રુંગારિત થતી આ ગઝલ હવે પ્રકૃતિના પ્રતીકોના વણાટે એની નવ્ય ભાત પાડે છે.

જે ભાતના રૂપ-રંગ આકારિત હોવા છતાં,

ક્યાંક નિરાકાર મનના હિલોળે જ ચીતરાય છે .જેનું નિરૂપણ કરતો આ શેર જોઈએ.

'રેતી જેમ ટેરવાં વિસ્તર્યા એનાં,
હિલોળે મન, હું કાંધી થઈ બેઠી.'

'રેતી જેમ ટેરવાંનાં વિસ્તાર'ની કલ્પના કવયિત્રીના મનહિલોળે ય લહેરાતા એમનાં

પ્રિય પાત્રના રેતાળ નિર્જીવ સ્પર્શની ઉત્કટતાનો આપણને દ્રાવક એહસાસ કરાવે છે..આવા રેતાળ સ્પર્શની અદીઠ ભાત જે પડે છે, એ જ હવે નિકેતા જીનું સ્વરૂપ બની જાય છે.

ચોથો સૂરજ આથમતી મિલન પ્રતીક્ષાનો સાંધ્ય ચીતાર છે..જેનાં વર્ણનમાં જે ટાઢો વિશેષણથી સૂર્યની તપ્ત તપસ્વી અવસ્થાનો

કરૂણ ચીતાર એ સર્જે છે..ત્યારે મિરઝા ગાલિબના આ શેર સમાન આપણું ય લોહી ઉકળી પડે છે.

'રગોં મેં દૌડતે ફિરને કે હમ નહીં કાઈલ,
જો આંખ હી સે ન ટપકે તો વો લહુ ક્યા હૈ?'

અર્થાત અમે માત્ર લોહીની ગતિનું અનુશીલન કરતાં નથી.જે રક્તમાં ક્રાંતિની જાહોજલાલી ન હોય એની શી કીંમત?

'ટાઢો સૂરજ ને હવે રાતો આથમણી,
આંખે તરસ્યાં વહાણ લાંધી બેઠી. '

આંખે પ્રતીક્ષારત તરસ્યાં વહાણ લાંગરવાની આ ક્રિયામાં કેટલો ઊંડો ખેદ વર્તાય છે!

પ્રતીક્ષારત વહાણ તો આથમણી સાંજે પાંપણે નાંગરી જાય..પરંતું કવયિત્રી એ રેતાળ સ્પર્શના તટને હજીય ક્યાં ત્યાગે

છે? એને માટે તો એ જ અંતે જીવન બની જાય છે. જે પટ પર મન સ્મરણમાં લખાતાં-ભૂસાતાં એ નામો, એ યાદગાર, મોજાની થપાટે તણાઈ જતાં રેત કિનારાની જ વ્યાખ્યાઓમાં નિર્દેશિત છે.

'ફરી-ફરી દોરું ને ભૂસું લીટીઓ તટે,
રેતીમાં આપણું એક ઘર બાંધી બેઠી.'

આ વિધાન સ્વયં સમસ્તિનો જ ઉદ્ગાર ન હોય! એમ શું નથી લાગતું! અસ્તિત્વ પણ રેતના નિવાસ જેવું જ ક્ષણભંગુર છે.

આ વિશે મારો એક શેર અર્પણ કરું છું.

કોઈએ દેરી ચણી'તી રેતની ઢગલી ઉપર,
મોજના કેવા મિનારે જીવ આણ્યો તે કહે.×

ખેડાના માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ રાજીનામાની ઉચ્ચારી ચીમકી ઉચ્ચારી

ખેડા,તા.૨૩

માતરના ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી રાજીનામું આપવાની વાત વહેતી થતા રાજનીતિમાં ગરમાવો આવી ગયો છે. સૂત્રો પાસેથી મળતી અને અંદરની માહિતી પ્રમાણે લીંબાસીમાં કેસરીસિંહના પિતાને કોઈકની સાથે ઝઘડો થયો હતો અને આ કેસમાં પોલીસે કોઈ કાર્યવાહી ના કરતાં કેસરીસિંહ નારાજ થયા છે અને તેમણે પક્ષમાંથી રાજીનામું આપવાની વાત કરી છે. ભૂતકાળમાં પણ કેસરીસિંહ પોલીસથી નારાજ હતા.

રાજકારણમાં વિચારધારાનો લોપ : સત્તા નો સ્વાર્થ સર્વોપરી

દેશના નાગરીકો માટે આદર્શરુપ રાજકિય પક્ષ નાં નેતાઓ પાસે ઠોસ વિચારધારા અને જનતા લક્ષી નીતિનો અભાવ દેશને આગામી સમયમાં ગૃહયુદ્ધ તરફ ધકેલી દેશે.

આઝાદી નાં રિયલ હિરો એવા શહીદોની વિચારધારા ભૂલાવી તેમને પોસ્ટર બોય બનાવવાનું પાપ કોંગ્રેસે કર્યું હતું, આજે ભાજપ આ દેશનાં સંતો અને મહાપુરુષો ની વિચારધારા ખતમ કરી તેને પોસ્ટર બોય બનાવવાનું કાર્ય કરી રહેલ છે.

કોઈપણ દેશની જનતા માટે જે તે દેશમાં રહેલા રાજકીય પક્ષો ની વિચારધારા આદર્શરુપ અને અનુકરણીય હોય છે. રાજકીય પક્ષો નું કામ માત્ર રાષ્ટ્ર ની સત્તા સાંભળીને વહીવટી કાર્યો કરવાનું હોતું નથી પણ તેની સાથે સાથે રાષ્ટ્ર ની જનતા માં આદર્શ વિચારો નો પાયો નાખી દેશ ઘડતર ની મહાન ઈમારત નું નિર્માણ કરવાનું હોય છે.

આ દેશની આઝાદી માટે ફના થઇ જનારા શહીદ વિરો ની એક ચોક્કસ માનવીય વિચારધારા હતી જે વિચારધારાને કેન્દ્રમાં રાખી તેઓ મહાન ભારત નું નિર્માણ કરવા ઈચ્છતા હતા પરંતુ આપણા કમનસીબે આઝાદી બાદ સત્તા માં આવનાર લગભગ તમામ પક્ષોએ આ શહીદ વીરોની વિચારધારાને અભેરાઈએ ચડાવી માત્ર સત્તા લક્ષી રાજકારણ રમ્યું છે. જે રીતે આઝાદી બાદ સત્તા પર આવેલ કૉંગ્રેસ પક્ષ દ્વારા ક્રાંતિકારીઓ ની સમાજવાદી, માનવતાવાદી વિચારધારાને હાંસિયામાં ધકેલી તેઓને માત્ર પોસ્ટર બોય બનાવવાનું પાપ થયું છે તે પાપ નું પ્રાયશ્ચિત કરવાને બદલે ભાજપે તકવાદ અને સ્વાર્થી રાજનીતિ નાં તમામ રેકોર્ડ ધ્વસ્ત કરી કૉંગ્રેસ ને સારી કહેવડાવી છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ ખૂબ સરસ વાત કરી છે કે ×યદ આચરતી શ્રેષ્ઠ, તદ અનુવર્તતે જનઃ× અર્થાત્ શ્રેષ્ઠ પુરુષો જે આચરણ કરે છે તેનું સામાન્ય જનતા અનુસરણ કરે છે. અહી પોતાનાં આચરણ દ્વારા સમાજ નિર્માણ કે રાષ્ટ્ર નિર્માણ નું પથ દર્શન કરનાર કોઈ આદર્શરુપ નેતા ક્યાંય જોવા મળતો નથી. ભાજપમાં નરેન્દ્ર મોદી યુગનાં આગમન બાદ તમામ વિચારધારાઓ નો ખીચડો બનાવી માત્ર સત્તા ની એક જ વિચારધારા ઊભી કરવામા આવી છે કે કોઈપણ કિંમતે માત્ર સત્તા મેળવો. તાજેતરમાં ઉત્તર પ્રદેશ ની વિધાનસભા ની ચૂંટણી ચાલી રહી છે ત્યારે ભાજપના એક નેતાનો વિડિયો વાઈરલ થયો છે જેમા તે આ જ વાત કહેતા નજરે પડે છે કે દારૂ, દંગા, હિંસા જે કરવુ પડે તે કરો પણ આપણે કોઈપણ ભોગે જીતવાનું છે એ યાદ રાખો. જેમ કૉંગ્રેસ દ્વારા ગાંધીજી ને માત્ર પોસ્ટર બોય બનાવી તેમની મૂલતઃ વિચારધારાનો છેદ ઉડાવી દેવામાં આવ્યો હતો અને તેના માઠા પરિણામો આજે ખુદ કૉંગ્રેસ અને દેશ ભોગવી રહ્યો છે તેવું જ ભવિષ્ય આવનારા સમયમાં ભાજપનું થવાનું છે. દેશને વર્ષો સુધી માર્ગદર્શન આપી વિદેશી તાકાતો ની ગુલામી વખતે પણ એક રાખનાર આ દેશનાં સંતો અને મહાપુરુષો ની વિચારધારા આપણે સંપૂર્ણ ભૂલાવી દીધી છે. તાજેતરમાં સંત રૈદાસ જયંતિ નિમિત્તે મંજીરા વગાડતા પીએમ મોદીને આપણે જોયા હતા ત્યારે કોઈએ તેમને પૂછવું જોઇએ કે તમે અને તમારો પક્ષ સંત રૈદાસ નાં વિચારો મુજબનું ભારત બનાવવા માટે કેવા પ્રયાસો કરી રહયા છો ? કબીર, ગુરુ નાનક કે સ્વામી દયાનંદ, સ્વામી વિવેકાનંદે જે ધર્મ અને માનવતા ની વાત કરી હતી તેનાથી તો તમે બિલકુલ ઉલટી દિશામાં ચાલી રહયા છો. સંતો ની વાત તો છોડો પરંતુ તમારા પક્ષનાં સ્થાપકો અને મોભીઓ એ જે લોકતંત્ર ની મહાન પ્રણાલી સ્થાપિત કરી હતી તેનું તમે કેટલા અંશે પાલન કરી રહયા છો ??? દેશની કરોડો જનતા જયારે ભૂખી સૂઈ જતી હોય, દેશની કરોડો જનતા ફૂટપાથ પર રહેતી હોય, દેશની લાખો બહેનો પેટનો ખાડો પૂરવા વૈશ્યા વૃત્તિ નાં ખપ્પર માં હોમાઈ જતી હોય ત્યારે બે પાંચ ઉધોગપતિઓ માટે દેશની સંપતિ લૂંટાવી દેવી એ ક્યાંની વિચારધારા છે ? આજનાં સંપૂર્ણ સત્તા કેન્દ્રી અને સ્વાર્થી રાજકારણને જો આ સમયે રૂક જાવ કહેવામાં નહી આવે તો આપણી આવતીકાલ બહુ કપરી હશે.

કચ્છમાં પકડાયુ કરોડોનું રક્ત ચંદન

ભુજ,તા.૨૪

કચ્છમાં ફરી એકવાર કરોડોની દાણચોરી પકડાઈ છે. અત્યાર સુધી કચ્છમાં ડ્રગ્સનો કાળો કારોબાર ચાલતો હતો, ત્યારે હવે મુન્દ્રા પોર્ટ પર ચોખાની આડમાં ચંદનની દાણચોરી પકડાઈ છે. ચોખાની આડમાં લઈ જવાતા લાલ ચંદનની દાણચોરીનો પર્દાફાશ થયો છે. મોડી રાત સુધી તપાસ કરી રક્ત ચંદનના ૧૭૭ લોગ્સ કબ્જે કર્યા છે. કુલ ૫.૪ ટન લાલ ચંદનની દાણચોરી ઝડપાઈ છે, જેની આંતરરાષ્ટ્રી બજારમાં ૩ કરોથી વધુની કિંમત છે. લુધિયાણાથી આવેલું કન્સાઈમેન્ટ દુબઈ જવાનું હતું, તે પહેલા જ પકડાયુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર,ડિરોક્ટરેટ ઓફ રેવન્યુ દ્વારા મુન્દ્રા પોર્ટ પર તપાસ હાથ ધરાઈ હતી. જેમાં લુધિયાણાથી દુબઈ જઈ રહેલા એક્સપોર્ટના કન્ટેનટરને તપાસવામાં આવ્યુ હતું. આ કન્ટેનરમાં ચોખા હોવાનું ડિકલેરેશન અપાયુ હતું. પરંતુ બાતમી મળી હતી કે, ચોખાની જગ્યાએ કિંમતી વસ્તુ દુબઈ લઈ જવાઈ રહી છે. ત્યારે ડીઆરઆઈની ટીમે તપાસ કરતા મોટો પર્દાફાશ થયો હતો. ચોખાની બોરીઓ વચ્ચે રક્ત ચંદનના ટિમ્બર લોગ્સ છુપાવાયા હતા. જે જોઈને અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

ડીઆઈરઆઈની ટીમે તમામ ચોખાની બોરીઓમાં મોડી રાત સુધી તપાસ ચાલાવી હતી. જેમાં કુલ ૧૭૭ રક્ત ચંદનના લોગ્સ મળી આવ્યા હતા. જેનુ વજન ૫.૪ ટન હતું. આ રક્ત ચંદનની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કિંમત ૩ કરોડ જેટલી થાય છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ

રતિભાઈ વાયડા

ડો. અનિરુદ્ધભાઇ વ્યાસ



માયા દેસાઈ

મહાશિવરાત્રી....(રતિભાઈ વાયડા)મુંબઈ

મહાશિવરાત્રિ ૧ માર્ચના રોજ છે. આ દિવસે ભગવાન શિવની આરાધના કરવાથી ભક્તોના તમામ પાપ તથા સંકટ દૂર થઈ જાય છે. આ દિવસે આ વ્યક્તિઓ પોતાની રાશિ અનુસાર શિવ આરાધના કરે તો ઉત્તમ પરિણામ મળે છે. પોતાની ચંદ્ર રાશિ અનુસાર તમારે ભગવાન શિવને કેવી રીતે મનાવવા, તે વિશે વાત કરીશું.

મેષઃ ૧૨ જ્યોર્તિલિંગમાંથી સોમનાથ પહેલું જ્યોર્તિલિંગ છે, જેનો જન્મ મેષ રાશિમાં છે. શિવરાત્રિના દિવસે સોમનાથ જ્યોર્તિલિંગની પૂજા કરવી. જે જાતકો સોમનાથ ના જઈ શકે તેઓ નજીકના શિવ મંદિરમાં જઈને સોમનાથનું ધ્યાન કરીને શિવને દૂધથી સ્નાન કરાવે અને પછી શિવજીને ખિજડાના ઝાડનું ફૂળ તથા પત્તાઓ ચઢાવવા. શિવની પૂજા પછી 'ર્હ્રીં ૐ નમઃ શિવાય ર્હ્રીં' નો જાપ કરવો.

વૃષભઃ શૈલ પર્વત પર સ્થિત મલ્લિકાર્જુન વૃષભ રાશિના સ્વામી છએ. આ જાતકોએ મલ્લિકાર્જુનના દર્શન કરવા જોઈએ પરંતુ જે લોકો ત્યાં જઈના શકે તો તેમણે કોઈ પણ શિવલિંગની પૂજા ગંગાજળથી કરવી અને આંકડાનું ફૂલ ચઢાવવું. મલ્લિકાર્જુનનું ધ્યાન ધરીને ૐ નમઃ શિવાય **મંત્રનો જાપ કરવો.**

મિથુનઃ ઉજ્જૈન સ્થિત મહાકાલેશ્વર જ્યોર્તિલિંગ મિથુન રાશિના સ્વામી છે. મહાકાલેશ્વર કાળના પણ કાળ છે. આમની પૂજા કરવાથી અકાળ મૃત્યુનો ભય રહેતો નથી. આ રાશિના જાતકોએ મહાકાલેશ્વરના દર્શન કરવા જોઈએ. જે જાતકો દર્શન ના કરી શકે તો કોઈ પણ શિવલિંગને દૂધમાં મધ ભેળવીને સ્નાન કરાવો તથા બિલી પત્ર તથા ખિજડાનું ફૂલ ચઢાવો. મહાકાલેશ્વરનું ધ્યાન ધરીને 'ૐ નમો ભગવતે રૂદ્રાય' **નો જાપ કરવો.**

કર્કઃ મધ્યપ્રદેશના નર્મદા તટ પર આવેલું ઓંકારેશ્વર જ્યોર્તિલિંગનો સંબંધ કર્ક રાશિ સાથે છે. આ જાતકોએ આ શિવરૂપની પૂજા કરવી જોઈએ. ઓંકારેશ્વરનું ધ્યાન ધરીને શિવલિંગને પંચામૃતથી સ્નાન કરાવો. બિલી પત્ર ચઢાવો. અને 'ૐ હૌં જૂં સઃ **નો ૧૦૮વાર જાપ કરો. આ વિધિથી વિદ્યાર્થી પૂજા કરે તો શિક્ષણમાં આવતી મુશ્કેલીઓ દૂર થાય છે. સ્વાસ્થ્ય સારું રહેશે અને માનસિક ચિંતાઓ દૂર થસે. ભૌતિક સુખમાં વૃદ્ધિ થશે.**

સિંહઃ આ રાશિના વ્યક્તિ વૈદ્યનાથ જ્યોર્તિલિંગની પૂજા કરે. વૈદ્યાનાથ જ્યોર્તિલિંગની વિશેષ પૂજા થાય છે, જેમાં શિવ પાર્વતીના લગ્ન થાય છે. આ રાશિના જાતકો વૈદ્યનાથના દર્શન કરે તો આખું વર્ષ તબિયત સારી રહે છે. આ રાશિના જાતકોએ શિવરાત્રિના દિવસે શિવલિંગની ગંગાજળથી પૂજા કરવી. સફેદ કરેનના ફૂલ ચઢાવવા. ધતૂરાનો ભોગ ધરવો. 'ૐ ત્ર્યંબકં યજામહે સુગંધિ પુષ્ટિવર્ધનમ। ઉર્વારૂકમિવ બન્ધ્નાન્મૃત્યોર્મુક્ષીય મામૃતાત્। **મંત્રનો ૫૧વાર જાપ કરવો. સામાજિક પ્રતિષ્ઠા તથા યશની પ્રાપ્તિ થશે. સરકારી નોકરી તથા સરકાર સાથે જોડાયેલા કાર્યોમાં રહેલી અડચણ દૂર થાય છે. વિવાહ યોગ્ય કન્યાઓના લગ્નના મજબૂત યોગ બને છે.**

કન્યાઃ મહારાષ્ટ્રમાં ભીમા નદીના કિનારે ભીમાશંકર જ્યોર્તિલિંગ કન્યા રાશિનું જ્યોર્તિલિંગ છે. શિવલિંગની પૂજા દૂધમાં ઘી મેળવીને કરવી. ત્યારબાદ પીળા રંગનું કરેન તથા ખિજડાનું ફૂલ ચઢાવો. ૐ ભગવતે રૂદ્રાય **મંત્રનો જાપ કરો. આ પ્રકારની પૂજા કરવાથી આત્મવિશ્વાસ વધે છે. મોટા ભાઈ-બહેનોનો સહયોગ વધે છે. મિત્રો સાથે સંબંધો સારા બને છે. આખું વર્ષ ધનની વર્ષા થાય છે.**

તુલાઃ તમિલનાડુ સ્થિત ભગવાન રામ દ્વારા સ્થાપિત રામેશ્વર જ્યોર્તિલિંગનો સંબંધ તુલા રાશિ સાથે છે. ભગવાન રામે સીતાની શોધમાં સમુદ્ર પર સેતુ નિર્માણ માટે જ્યોર્તિલિંગની સ્થાપના કરી હતી. મહાશિવરાત્રિના દિવસે રામેશ્વરના દર્શનથી દાંપત્ય જીવનમાં પ્રેમ તથા સદ્ભવના બને છે. આ રાશિના જાતકોએ દૂધમાં પતાસા મિક્સ કરીને શિવલિંગને સ્નાન કરાવવા અને આકડાનું ફૂલ ચઢાવવું શિવ પંચાક્ષરી મંત્ર 'ૐ નમઃ શિવાય' **નો ૧૦૮ વાર જાપ કરવો. આ પ્રકારની શિવ પૂજા કરવાથી કાર્યક્ષેત્રમાં આવનારી અડચણો દૂર થાય છે. પિતાની સાથે મધુર સંબંધો બને છે. સામાજિક પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય છે. જે લોકો અભિનય તથા સંગીતમાં કરિયર બનાવવા માગતા હોય તેમને આ રીતે પૂજા કરવી લાભદાયી છે.**

વૃશ્ચિકઃ ગુજરાતના દ્વારકામાં નાગેશ્વર જ્યોર્તિલિંગનો સંબંધ વૃશ્ચિક રાશિ સાથે સંબંધ છે. આ રાશિના જાતકોએ ગળામાં નાગની માળા ધારણ કરવી અને નાગોના દેવ નાગેશ્વર જ્યોર્તિલિંગની પૂજા કરવી. મહાશિવરાત્રિના દિવસે આ શિવલિંગની પૂજા કરવાથી દુર્ઘટનાથી બચી શકાય છે. જે જાતકો નાગેશ્વર જ્યોર્તિલિંગની પૂજા ના કરી શકે તેમણે દૂધ તથા મમરાથી શિવની પૂજા કરવી. ગલગોટાનું પૂલ, ખિજડાનું ફૂલ અને બિલી પત્ર ચઢાવવું. ર્હ્રીં ૐ નમઃ શિવાય ર્હ્રીં **નો મંત્ર જાપ કરવો. આ રાશિના જાતકોના ભાગ્યના સ્વામી ચંદ્રમા છે, જે શિવના માથે સુશોભિત છે. શિવની પૂજા કરવાથી ભાગ્યોન્નતિ થાય છે. ભૌતિક સુખની મનોકામના પૂરી થાય છે અને ધન વૈભવ વધે છે.**

ધનઃ વારાસણી સ્થિત વિશ્વનાથ જ્યોર્તિલિંગનો સંબંધ ધન રાશિ સાથે છે. આ રાશિના જાતકોએ ગંગાજળમાં કેસર મેળવીને શિવલિંગની પૂજા કરવી. બિલી પત્ર તથા પીળું કે લાલ કરેન શિવલિંગ પર ચઢાવું. મહાશિવરાત્રિના દિવસે ચંદ્ર નબળો હોય છે. આ રાશિના જાતકોએ ૐ તત્પુરૂષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ। તન્નો રૂદ્રઃ પ્રચોદયાત। **મંત્ર જાપ બોલવાથી ચંદ્રમાને બળ મળે છે. માનસિક સંતાપથી મુક્તિ મળે છે. સ્વાસ્થ્ય સારું રહે છે અને આકસ્મિક સંકટથી બચી શકાય છે.**

મકરઃ ત્રયમ્બકેશ્વર જ્યોર્તિલિંગ સાથે સંબંધ છે. આ જ્યોર્તિલિંગ નાસિકમાં છે. ગંગાજળમાં ગોળ મેળવીને શિવ પર અભિષેક કરવો. શિવને વાદળી રંગનું ફૂલ તથા ધતૂરો ચઢાવવો. ત્રયમ્બકેશ્વરનું ધ્યાન ધરીને 'ૐ નમઃ શિવાય' **મંત્રનો પાંચવાર જાપ કરવો. જે જાતકો લગ્ન કરવા ઈચ્છે છે, તેમના લગ્નમાં આવતી અડચણો દૂર થાય છે અને સુંદર તથા સુયોગ્ય સાથી મળે છે જીવનમાં સ્ટ્રેસ દૂર થાય છે. પાર્ટનરશિપ મજબૂત બને છે અને લાભ મળે છે.**

કુંભઃ ઉત્તરાખંડમાં સ્થિત કેદારનાથની પૂજા કરવી જોઈએ. અક્ષય તૃતિયાથી કેદારનાથની યાત્રા શરૂ થાય છે અને તેથી જ શિવરાત્રિના દિવસે કેદારનાથના દર્શન થઈ શકે નહીં. આ દિવસે નજીકના શિવ મંદિર જઈને કેદારનાથનું ધ્યાન ધરીને શિવલિંગને પંચામૃતથી સ્નાન કરાવવું. ત્યારબાદ કમળનું ફૂલ તથા ધતૂરો ચઢાવવો. કુંભ રાશિનો સ્વામી શનિ છે. આથી આ રાશિના જાતકોએ મકર રાશિની જેમ જ 'ૐ નમઃ શિવાય' **નો જાપ કરવો. શત્રુઓ તથા વિરોધીઓનો ડર રહેતો નથી. મામા, મામી તથા માસી સાથે સારા સંબંધ રહે છે અને જરૂર સમયે લાભ મળે છે. આ રીતે પૂજા કરવાથી તબિયત સારી રહે છે.**

મીનઃ મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં ઘૃષ્ણેશ્વર જ્યોર્તિલિંગ સ્થિત છે. આ જ્યોર્તિલિંગનો સંબંધ મીન રાશિ સાથે છે. આ રાશિના જાતકોએ દૂધમાં કેસર નાખીને શિવલિંગને સ્નાન કરાવું. સ્નાન બાદ ગાયનું ઘી તથા મધ અર્પિત કરવું. કરેનના પીળા ફૂલ તથા બિલી પત્ર ચઢાવવા. ૐ તત્પુરૂષાય વિદ્મહે મહાદેવાય ધીમહિ। તન્નો રૂદ્ર પ્રચોદયાત। **મંત્ર જેટલીવાર બોલી શકાય તેટલીવાર બોલવો. આ રાશિના જાતકો આ વર્ષે ઢૈય્યાના પ્રભાવમાં રહેશે. શિવલિંગની પૂજા કરવાથી શનિના કુપ્રભાવથી બચી શકાશે. સ્વાસ્થ્ય સંબંધીત સમસ્યાઓ ઘટશે. છાત્રોને ઉચ્ચ શિક્ષણમાં સરળતા રહે.**

સંસ્થા , ગ્રુપ એ એક મનની મુઝવણ , મનની વ્યથા, આનંદ, બુદ્ધિ ચાતુર્ય, પ્રતિભા ને રજૂ કરવાનું સુંદર માધ્યમ છે,
પવિત્ર મનથી અને સુંદર પ્રયત્નો થી બૌધિક ગુણવત્તાઓની
આપ લે કરવાથી તંદુરસ્ત વિચાર ધારા ઉત્પન્ન થાય છે ,
દરેક વ્યક્તિ ને ભગવાને ખૂબજ
અલૌકિક શક્તિઓ આપેલ છે,
નિર્મળ મન અને નમ્ર આંખે દરેકની રચના ,લેખ , અને સંવેદના જો અનરાધાર વહેતી રહે તો
ભાષાકીય પ્રભુતા સશકત
થાય છે ,
ભૂલથી પણ ક્યાંય રાગ દ્વેષ વીના થોડું પણ ક્યાંય ઉલ્લેખ
થાય તો તેને ઉદાર ભાવથી મન પર લીધા વિના આપણે જીવનમાં નજર અંદાજ કરી એ
તો બુદ્ધિ પ્રતિભા ચરમ સીમાએ
ફલદૅપ થાય છે ,
સંસ્થા બનાવવી ખૂબ સહેલી છે
પણ તેને ઉતમ ધ્યેય સુધી અગ્રેસર કરવા દરેક પાયાના
સભ્યો હર હંમેશ પોતાનો અમૂલ્ય સમય આપી ગરિમા પ્રદાન કરે છે ,
જ્યાં ખૂબ બુદ્ધિ શાળી તજજ્ઞો
બેઠા હોય તેવા સમાજમાં આપણું યોગદાન ખૂબ નોંધનીય હોય છે. ,
No
Objection
For
G ood management
આ શબ્દ દરેક માનનીય સભ્યો
હર હંમેશ પોતાની કલમ ,દ્રષ્ટિ, અને વિચાર ધારા માં સમાવિષ્ટ
કરશે તો વસંતના વધામણાં જરૂર થશેજ .
એક મારો વ્યક્તિ ગત
અભિપ્રાય .
ડો અનિરુદ્ધ વ્યાસ.નડિયાદ

(શ્રી ચંદ્રકાંત બક્ષી લિખિત)

થોડા દિવસ પહેલાં મારા બોસે મને પૃચ્છા કરી, મિ. બક્ષી, Captive નો અર્થ શું થાય, જાણો છો ? મેં નમ્રતાપૂર્વક ના પાડી. એમણે બીજા એક શબ્દ Viscosity નો અર્થ પૂછ્યો. મેં કહ્યું, સાંભળ્યો તો છે, પણ યાદ નથી આવતું.... શું બક્ષીજી, ઇંગ્લિશ નું knowledge તો હોવું જ જોઈએ. ખેર એક છેલ્લો શબ્દ. Jeopardy એટલે શું ? મેં ફરી કહ્યું, સોરી, નો આઈડિયા....

સર નિરાશ થયા હોય એમ લાગ્યું. મેં થોડી હિંમત કરીને સરને કહ્યું, જો તમને વાંધો ન હોય, તો બે ત્રણ શબ્દો હું આપને પૂછી શકું ? હા, હા Sure.. હું મુંબઈ ઈંગ્લીશ મીડીયમમાં ભણ્યો છું એટલે કોઈ પણ વર્ડ પૂછો.

મેં કહ્યું, હું વર્ડ નહીં, પણ શબ્દનો અર્થ પૂછીશ. તેમને ખાસ સમજાયું નહીં હોય એમ લાગ્યું. મેં પુછ્યું, "સ્નિગ્ધતા" એટલે શું એ જણાવશો ? એમના દિદાર ફરી ગયા. અરે, ગુજરાતી શબ્દ ? I can't. કદાચ હું પહેલી વાર સાંભળું છું...

મેં કહ્યું, OK, બીજો શબ્દ. "વિપદા" નો અર્થ કહી શકશો ? તેમને હવે લાગ્યું કે તેઓ ચોકખી ના પાડશે, તો આબરૂ જશે. એટલે એમણે કહ્યું, હા, મેં સાંભળ્યો તો છે પણ.... મેં ત્રીજો શબ્દ "બંદીવાન" પૂછ્યો. એ કહે, બાંદી એટલે દાસી એ ખબર છે, પણ....

મેં ગર્વ સાથે કહ્યું, સાહેબ,

જે ત્રણ શબ્દો આપે મને પૂછ્યા, એના જ ગુજરાતી અર્થવાળા શબ્દો, મેં આપને પૂછ્યા છે. Captive એટલે બંદીવાન. Viscosity એટલે સ્નિગ્ધતા અને jeopardy એટલે જ વિપદા. સાહેબ આભા બનીને જોઈ રહ્યા.

મને સાહેબે પૂછેલા અંગ્રેજી શબ્દો આવડતા જ હતા, પણ મારે તેમને પાઠ ભણાવવો હતો, એટલે મેં આ કારસો રચ્યો...

English ભાષા આવડે એ સારું જ છે, પણ કદાચ કોઈ શબ્દનો અર્થ ન આવડે તો કોઈ નાનમ રાખવાની જરૂર નહીં. હા, ગુજરાતી ભાષા ન આવડે તો ચોક્કસ શરમાવું જોઈએ, જેમની એ માતૃભાષા હોય, એમણે....

(સંપાદન.માયા દેસાઈ.મુંબઈ)

આ છે..... સાચી માનવસેવા !!!!!

તમે માનશો નહી; ભાવનગરની સિવિલ હોસ્પિટલ કરતા એક ગામડાની હોસ્પિટલમાં રોજની ૬ ચઆઉટ પેશન્ટ ડીપાર્ટમેન્ટ ૧૦૦૦ થી વધુ થાય છે ! રોજના ૨૫ થી વધુ ઓપરેશન થાય છે ! સુરતમાં ૫૦૦ કરોડ કરતા વધુ ખર્ચથી બનેલી કિરણ હોસ્પિટલ કરતા પણ વધુ ૬ થાય છે ! સુરતથી રોજના અસંખ્ય દર્દીઓ આ ગામડાની હોસ્પિટલમાં સારવાર માટે આવે છે !

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામની નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલની આ વાત છે. આ હોસ્પિટલની વિશેષતા શું છે? અહીં સર્જરી થાય છે. પ્રોસ્ટેટ/થાઈરોઈડ/એપેન્ડિક્સ/આંતરડા, નાક, કાન, ગળા/સીઝેરિયન/મોતિયા/ઝામર/ઓર્થોપેડિક/મણકા/ફેફસા/ગર્ભાશયની કોથળી વગેરે. સુવિધાઓ શું છે? ૨૪ કલાક ઈમરજન્સી સારવાર/અધ્યતન લેબોરેટરી/ફીઝિયોથેરાપી/ફેકો મશીન/ફિટલ ડોપ્લર/ઓટો રીફેક્ટોમીટર/લેસર મશીન/નવજાત બાળકો માટે વોર્મર/ ડિજિટલ એક્સ-રે/ડેન્ટલ એક્સ-રે/ટોનીમીટર/કલર ડોપ્લર/ઈકોકાર્ડિયોગ્રામ/ટ્રેડમિલ ટેસ્ટ/હાર્ટએટેક માટેની થ્રોમ્બોલિસિસ - ડીફિબ્રીલેશન; મોનિટરિંગ વગેરેની સુવિધા.

તમે નહી માનો;
આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર જ નથી !
ધર્મ/જ્ઞાતિ/જાતિના ભેદભાવ નહી;
માત્ર માનવસેવા.
સારવાર મફત.
દવાઓ મફત.
જમવાનું મફત.
ઓપરેશનનો પણ કોઈ ચાર્જ નહી.

દર મહિને ૫૦ લાખનો ખર્ચ થાય છે. આ આરોગ્યધામ ૯ જન્યુઆરી, ૨૦૧૧ માં ૫ કરોડના ખર્ચે બન્યું. આનો વિચાર ૨૦૦૫ માં શિવરાત્રિના દિવસે ઢસા ખાતે સ્વામી નિર્દોષાનંદજીને આવ્યો. તેમણે જોયું કે પૈસાના અભાવે દર્દીઓના મોત થાય છે. તેમણે ૮ વ્યક્તિઓનું ટ્રસ્ટ બનાવ્યું. પાસે એક રુપિયો નહી. નિર્દોષાનંદજી પૈસાને સ્પર્શ ન કરે. લાકડી અને કમંડળ તેની સંપતિ. ટ્રસ્ટીઓ મૂંઝાય. નિર્દોષાનંદજીને પૂરો આત્મવિશ્વાસ; કહે : "માનવતા મોટી છે, થઈ જશે !

માનવસેવા જ પ્રભુસેવા.દર્દી દેવો ભવ !!!!!"

નિર્દોષાનંદજીની સુવાસ તો જૂઓ ! શરુઆતમાં જ ૪ કરોડનો ફાળો થયો ! દાતાઓ પણ કેવા ! ૨૦૧૧ થી ખીમજીભાઈ દેવાણી દર મહિને ૫ લાખ આપે છે. ૧૩ આજીવન દાતાઓ છે; જે દર મહિને ૧ લાખ આપે છે !બીજા પણ દાતાઓ છે. ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ ના રોજ ભોજનાલયનું ખાતમુહૂર્ત હતું; જે ૪ કરોડના ખર્ચે તૈયાર થયુ; તેના દાતા છે. ધનસુખભાઈ દેવાણી; એકલા જ ! આ હોસ્પિટલને ૯ વર્ષ એટલે કે ૩૦૦૦ દિવસ થયા; તેની ઊજવણી છે. અત્યાર સુધીમાં 14,36,257 OPD સારવાર; ૩૭,૪૫૩ સર્જરી; ૫,૮૪,૪૩૭ અન્ય વિભાગોમાં સારવાર; ૬,૪૧૮ પ્રસૂતિઓ; ૭,૩૮૧ મોતિયા/ઝામર/વેલના ઓપરેશન અને ૨૧,૦૨,૮૦૦ ભોજનાર્થીઓ ! દર્દીઓને સવાર-સાંજ ગાયનું તાજું દૂધ ! સગર્ભા મહિલાઓને શુદ્ધ ઘીની સુખડી અને ઓસડિયાયુક્ત પાક !

◦મિત્રો, હું પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી નિર્દોષાનંદ સ્વામીજીને દિલથી નમન કરું છું, કે તેમણે દર્દીઓને દેવ માની સાચી ભક્તિનું ઉદાહરણ સમાજને આપ્યું છે....તેઓએ ધાર્યુ હોત તો બહુ મોટું મંદિર કે આશ્રમ બાંધી શક્યા હોત...ભક્તોના દાનમાંથી ભોગ વિલાસ અને વૈભવી સુવિધાઓ ભોગવી શક્યા હોત..... પણ ના, એમનું સાદું, સરળ ને શિવ પરાયણ જીવન હતું મેં તેમનાં દર્શન કરેલા છે....◦

◦આવાં મહાન સંતમાંથી મારે, તમારે, કથાકારોએ બાપુઓએ, સ્વામીઓએ, દાદાઓએ, દીદીઓએ, ગુરુદેવોએ, ગાયકોએ, સાહિત્યકારોએ, સંતો, મહંતોએ પ્રેરણા લેવી જોઈએ..... માત્ર મીઠી મીઠી ને સારી સારી વાતો કરવાથી કાંઈ ભગવાન રાજી નહી થાય, દેશ આગળ નો આવે

તમારી નજીક કોઈ દર્દી સારવારના અભાવે મૃત્યુ ન પામે; એટલી તકેદારી લેશો.

આંગળી ચીંધીએ એનુ પણ પુણ્ય છે .....

(આ મેસેઝ શેર નહીં કરો તો કાંઈ નહીં, કારણ કે આપણે સ્વાર્થ માટે જીવીએ છીએ, એટલે પરમાર્થ માટે જીવનારાનાં માટે આપણને માન નો થાય તે સ્વાભાવિક છે.) Number : 02843242444

ગુજરાતમાં થાંબા. યુપીમાં કાબા..

બાપુ બાને કહે મારુ ગુજરાત કેવું લાગે છે.
તો બા બોલે તોબા. બા બા...
સુરતમાં કચરાપેટી વડોદરામાં રસ્તા પહેલાં પછી પુલિયા... વાહ ભાભા વાહ ભા. ગો..રખા, ગોચર ખા ભૈ ખા. ગાય તું ગા--×માં×....
રાજકોટના રૂપાળા, અમરિકાથી બોલે ના બા.
જમીન થોડી વેશ ને દોષ આરોપ ઝાઝા.. ઝાઝા રે ઝાઝા... બા.... પોલીસ સ્ટેશનમાં પાછલે બારણે ધંધો કરે મોટાં ××ભા××
ગુજરાતમાં થોભો થોભો... થાંભા.
બાપુ બોલે બા... બા...
આયારામ તું તું આ.. રે... આ..ભાઉં ને તું બહું ભાવે ભા...જય રાજ તું જા.. જા..થૂંકેલું ચા ટ... તું. ચાટ જા....
ગયારામ નવા નવા ગીત ગા... બાપુ બોલે... બા બા.....
કોઠા કબાડા કાબા...
ગુજરાતમાં થાંબા, યુપી કાબા....

દિપક પટેલ શિક્ષક સુરત.

ખાખડી - (નાની કેરી) આવી ગઈ છે માર્કેટ માં....આ મજા અહીંયા કાઠિયાવાડ માં જ આવે હો....આ તો આપણા સોરઠ માં જ મળે હો...રાજકોટ માં મળતી હોય તોય સારું છે...આ મજા મુંબઈ માં તો ના જ આવે...ત્યાં તોતા કેરી અને લંગડો કેરી જેવી મળતી હશે...કેસર કેરી ની મજા તો ફક્ત ને ફક્ત ગીર માં જ આવે હો...આના વગર ભોજન અધુરુ જ લાગે...દેશી છાશ ગામડા ની પીવાની મજા પણ સોરઠ માં જ આવે હો..રાતે દહીં મેળવી દીધું હોય અને એને સવારે વલોવી ને જે દેશી છાશ બનાવવી ને પીએ એમાં જ તૃપ્તિ થાય હો ....જઠરાગ્નિ ને તૃપ્તિ થાય હો...આ મજા લંડન માં કે મુંબઈ માં પણ ના મળે હો..બસ ઉનાળા માં આ મજા લેવી હોય તો ગીર આવો અમારે ત્યાં મહેમાન બનીને...પછી જુવો ખાવા પીવા ની કેવી મજા આવે છે...આવી મજા મુંબઈ માં પણ ના આવે હો મારા વ્હાલા

સુરત જિલ્લાના બગુમરા ગામના ૨૩૭ લાભાર્થીઓને મળ્યું પોતાના સપનાંનું ઘર, પ્રધાનમંત્રી આવાસ યોજના બની આશીર્વાદરૂપ

ગુજરાતના સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં આવેલા બગુમરા ગામમાં એક આખા સમુદાયને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પોતાનું ઘર મળ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજનાની આ એક અનોખી સફળતા છે કે ગામના ૨૩૭ લાભાર્થીઓ તેમના જૂના કાચાં ખોરડાંની જગ્યાએ અત્યારે એક પાકું મકાન બનાવી શક્યા છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કલ્પના કરી હતી કે વર્ષ ૨૦૨૨માં જ્યારે ભારત પોતાની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરશે ત્યારે દેશના તમામ નાગરિકો પાસે પોતાનું ઘર હશે. આ કલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૧૫ માં શ્રી નરેન્દ્ર મોદીએ શહેરી અને ગ્રામીણ વિસ્તારો માટે 'પ્રધાનમંત્રી આવાસ યોજના' શરૂ કરી હતી.

શહેરી વિસ્તારની પ્રધાનમંત્રી આવાસ યોજનાના કુલ ચાર ઘટકો છે, જે હેઠળ લાભાર્થીઓને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આમાંનું એક ઘટક છે, બેનિફિશિયરી-લેડ કન્સ્ટ્રક્શન (ઘ્ન્ઝ) એટલે કે લાભાર્થીની આગેવાની હેઠળ વ્યક્તિગત મકાન બાંધકામ / ઉન્નતિકરણ માટે સબસીડી. આ ઘટક હેઠળ લાભાર્થીઓને તેમના સ્વપ્નાનું ઘર બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા નાણાકીય સહાય આપવામાં આવે છે.

બીએલસી ઘટક હેઠળ લાભ મેળવવાની પ્રક્રિયા નીચે મુજબ છેઃ

સૌપ્રથમ ગામના સરપંચ તેમજ ગામના મોભીઓને સાથે રાખીને લાભાર્થીઓ સાથે જાહેર સભાનું આયોજન કરવામાં આવે છે.

જાહેર સભામાં લાભાર્થીઓને યોજનાની પૂરેપૂરી જાણકારી આપવામાં આવે છે.

લાભાર્થીઓનો સર્વે કરી તેમના ફોર્મ ભરવામાં આવે છે.

લાભાર્થીઓના ભરેલા ફોર્મ્સ સૌપ્રથમ રાજ્ય સરકાર દ્વારા અને ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે છે.

મંજૂર થયેલા લાભાર્થીઓ સાથે ત્રિપક્ષીય કરાર કરવામાં આવે છે.

લાભાર્થીઓનું જીઓ ટેગિંગ (ર્ઘ્ ઠ્ઠસ્નૈહસ્ન) કરવામાં આવે છે.

ત્યારબાદ યોજના હેઠળ મંજૂર થયેલા લાભાર્થીઓને આવાસ બાંધકામ માટે કુલ રૂ.૩.૫૦ લાખની સહાય આપવામાં આવે છે.

આ રૂ.૩.૫૦ લાખની સહાય છ હપ્તાઓમાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધી લાભાર્થીઓના ખાતામાં જમા કરવામાં આવે છે.

સુરત જિલ્લાના બગુમરા ગામમાં આશરે ૩૫૦૦ લોકોની વસ્તી છે. ગામની મોટાભાગની વસ્તી પટેલો તથા હળપતિઓની છે. આ ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના બીએલસી ઘટક હેઠળ ૨૩૭ લાભાર્થીઓના પાકા આવાસો મંજૂર થયા છે. તે પૈકી ૧૯૭ આવાસોનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે અને બાકી ૪૦ આવાસોનું કામ પ્રગતિ હેઠળ છે, જે માર્ચ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થઈ જશે. આ ૨૩૭ આવાસો માટે રૂ.૮.૨૯ કરોડની ગ્રાન્ટ મંજૂર થયેલી છે, જેમાંથી રૂ.૬.૨૫ કરોડની ગ્રાન્ટ ચૂકવી દેવામાં આવી છે. સુરતનું બગુમરા ગામ બીએલસી ઘટક હેઠળ લાભાર્થીઓને મળેલા લાભનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

ખુશીથી છલકાતાં શબ્દો સાથે બગુમરામાં રહેતા આશાબહેન રાઠોડ જણાવે છે કે, 'હું મજૂરી કરીને મારા ઘરનું ગુજરાન ચલાવું છું. પહેલાં મારું ઘર એક કાચું ઝૂંપડું જ હતું અને સંડાસ-બાથરૂમની પણ વ્યવસ્થા ન હતી. ચોમાસાની ઋતુમાં ચોમાસાનું પાણી ભરાઈ જતું અને અમને ખૂબ મુશ્કેલી પડતી હતી. ત્યારબાદ અમને પ્રધાનમંત્રી આવાસ યોજનાની માહિતી મળી. અમે આ યોજના માટે ફોર્મ ભર્યું અને સરકાર દ્વારા તે મંજૂર કરવામાં આવ્યું. ત્યારબાદ છ હપ્તામાં સરકાર દ્વારા અમારા ખાતામાં સીધા નાણા જમા થતા ગયા અને અમે અમારા માટે એક સુંદર અને સુવિધાયુક્ત પાકું આવાસ બનાવી શક્યા છીએ. સરકારની આ યોજના વગર આવું સુંદર ઘર બનાવવું શક્ય ન હતું. અમારા સપનાના ઘરમાં હવે અમે સુખેથી રહીએ છીએ અને અમારા બાળકોને સારી રીતે ભણાવી પણ શકીએ છીએ.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ થયેલા આ આવાસોના બાંધકામમાં લાભાર્થીઓની તમામ પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવી છે, જેવીકે, તેમના ઘરોમાં એલપીજી ગેસલાઈનની સુવિધાયુક્ત રસોડું, સ્વચ્છ અને સુઘડ સંડાસ-બાથરૂમની વ્યવસ્થા, દરેક ઘરને પીવાના શુદ્ધ પાણીની લાઈન, ડ્રેનેજ લાઈન તેમજ ફળિયામાં પેવર બ્લોકવાળા પાકા રસ્તાઓ, સ્ટ્રીટલાઈટ વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

સ્વચ્છ અને સુઘડ આવાસોનું નિર્માણ થવાથી બગુમરા ગામના લોકોની સુખાકારીમાં ખૂબ મોટા પ્રમાણમાં સુધારો આવી રહ્યો છે. આવનારી પેઢીઓનું નિર્માણ સારી રીતે થઈ રહ્યું છે, જેના કારણે તેમના બાળકોમાં શિક્ષણનું સ્તર પણ ઊંચું જઈ શકશે. કેન્દ્ર અને રાજ્ય સરકારની આ આવાસ યોજના રાજ્યભરના અને દેશભરના ગરીબ અને નીચલા મધ્યમ વર્ગના લોકોનું પોતાનું ઘર બનાવવાનું સ્વપ્ન સરળતાથી સાકાર કરી રહી છે.

અંબાજી ૧ કરોડની આવકથી મંદિરનો ભંડાર છલકાયો

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

ગુજરાતમાં હાલ તબક્કે કોરોનાના કેસમાં સતત ઘટાડો થતા અંબાજી સહીત રાજયના મોટા મંદિરોમાં દાનની આવકમાં નોધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. કોરોનાની ત્રીજી લહેર દરમિયાન શક્તિપીઠ અંબાજી મંદિરમાં સતત દાનની સરવાણી વહી હતી અને ત્યાર બાદ ફરી એકવાર મંદિર ત્રીજી લહેરમાં પણ સંક્રમણ ન વધે તેના માટે દર્શનાર્થીઓ માટે બંધ રખાયું હતું અને ત્યાર બાદ પહેલી ફેબ્રુઆરીથી સરકારની એસઓપી અને કોરોનાનું સંક્રમણ ન વધે તેવી મંદિર ટ્રસ્ટની ગાઈડ લાઈન પ્રમાણે દર્શનાર્થીઓ માટે મંદિર ફરી ખુલ્લુ મુકાયુ હતુ. જોકે હાલ તબક્કે સતત કોરોનાના ડર વચ્ચે પણ દર્શનાર્થીઓ નિયમિત કરતા ઓછી સંખ્યા માં ચોક્કસ જોવા મળ્યા છે પણ યાત્રિકોના પ્રમાણ માં ઘટાડો થવા છતાં અંબાજી મંદિર ને દાન ભેટ ની ભંડારામાં અધધ આવક જોવા મળી છે. પહેલી ફેબ્રુઆરી બાદ અંબાજી મંદિર ની ભંડારા ની આવક ની ગણતરી ત્રણ વખત કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ભંડારો ૮ ફેબ્રુઆરી રૂપિયા ૨૨,૧૩ ,૬૭૫, ૧૭ ફેબ્રુઆરીએ ગણવામાં આવ્યો તેમાં રૂપિયા ૫૦,૯૭,૨૩૦, જયારે ૨૩ ફેબ્રુઆરી હાથ ધરાયેલી ભંડારાની ગણતરીમાં રૂપિયા ૨૭,૬૦,૯૬૫ની ગણતરી થવા પામી છે. આમ પહેલી ફેબ્રુઆરી થી આજ દિન સુધી કુલ ૨૨ દિવસ માં શક્તિપીઠ અંબાજી મંદિરના ભંડારાની આવક ૧,૦૦,૭૧,૮૭૦ (એક કરોડ ઈકોતેર હજાર આઠસો સિત્તેર) ની માત્ર છુટક દાનની આવક ભંડારમાં થઈ છે. જે ગત સમયમાં ૨૦ થી ૨૫ લાખની સરેરાશ હતી ત્યાં આ વખતે ભંડાર દીઠ ગણતરીમાં ૩૦ થી ૩૫ લાખ થવા પામેલ છે. આમ અંબાજી મંદિરમાં સતત ભંડારની આવકમાં વધારો જોવા મળતા કોરોના કાળની મહામારીમાં દર્શનાર્થીઓની આસ્થામાં વધારો થયો હોય તેમ લાગી રહ્યું છે.

રાજયના અન્ય મંદિર કરતા અંબાજી મંદિર આવકની દ્રષ્ટીએ પણ અગ્રસેર

પવિત્ર યાત્રાધામ અંબાજી સહિત ગુજરાત રાજયના અન્ય મોટા મંદિરોની ૨૨ દિવસમાં આવકના લેખ જોખા જોઈએ તો જોતા રાજયના તમામ મંદિર કરતા યાત્રાધામ અંબાજી મંદિર આવકની દ્રષ્ટીએ કોરોના કાળમાં પણ સતત અગ્રસેર રહ્યું હોવાનુ અંબાજી મંદિર ટ્રસ્ટના હિસાબી અધિકારી સવજીભાઈ પ્રજાપતિએ જણાવ્યુ હતુ.

પ્રાકૃતિક ખેતી ડાંગ અને ડાંગના ખેડૂતોની સુખ સમૃદ્ધિના દ્વાર ખોલશે -મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી

ડાંગ જિલ્લાના ગરીબ કલ્યાણ મેળાના ૮૧૩૬ લાભાર્થીઓને ૩.૫.૧૪ કરોડના લાભો એનાયત કરાયા

આહવા તા: ૨૪:

પ્રાકૃતિક ખેતી આગામી સમયમા ડાંગ અને ડાંગના ખેડૂતોની સુખ સમૃદ્ધિના દ્વાર ખોલશે તેમ જણાવતા મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીએ, રાજ્ય અને કેન્દ્ર સરકારે ગુજરાતના છેવાડે આવેલા ડાંગ જિલ્લા ઉપર હંમેશા હેત વરસાવ્યુ છે, તેમ જણાવ્યુ હતુ.

ગુજરાતમા અને દેશમા પણ સો ટકા પ્રાકૃતિક ખેતી કરતા જિલ્લાનુ બહુમાન ડાંગ જિલ્લાને આપવા સાથે, જ્યોતિગ્રામ યોજના અને નલ સે જલ યોજના જેવી પ્રજાલક્ષી યોજનામા પણ ડાંગ જિલ્લો સરકારની પ્રથમ પસંદગી રહ્યો છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

ગરીબ કલ્યાણ મેળામા બોલતા મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીએ આદિવાસી વિસ્તારમાં પાર-તાપી-નર્મદા લીંક પરિયોજના તથા ડેમ અને વિસ્થાપિત જેવા મુદ્દે, પ્રજાજનોને ગેરમાર્ગે નહી દોરાવાની અપીલ કરી, પ્રજાપ્રતીનિધીઓ હંમેશા પ્રજાહિતને પ્રાધાન્ય આપી રહ્યા છે, તેમ જણાવ્યુ હતુ.

કોરોનાને કારણે ગત બે વર્ષો દરમિયાન મોકૂફ રહેલા ગરીબ કલ્યાણ મેળા અગાઉના મેળાઓમાં જિલ્લાના કુલ.૨૮૭૧૩ લાભાર્થીઓને અંદાજિત રૂ.૧૦૬.૫૬ કરોડના લાભો એનાયત થઈ ચૂક્યા છે તેમ જણાવતા, મંત્રીશ્રીએ ૨૦૨૨ ના ગરીબ કલ્યાણ મેળા દરમિયાન કુલ.૮૧૩૬ લાભાર્થીઓને રૂ.૫.૧૪ કરોડના લાભો આપવામા આવી રહ્યા છે તેમ જણાવ્યુ હતુ. મંત્રીશ્રીએ રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓનો લાભ લઈને, સૌને વિકાસ સાધવાની પણ આ વેળા અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો) અને નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગના રાજ્યમંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી સહિતના પદાધિકારીઓએ ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને લાભોનુ વિતરણ કરવા સાથે, પેટા સ્ટેજની પણ મુલાકાત લીધી હતી.

ગરીબ કલ્યાણ મેળાની અગત્યતા અને ઉપયોગિતાનો ખ્યાલ આપતા ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ બાબતે સ્થાનિક જનપ્રતિનિધિઓ હંમેશા પ્રજાહિતને જ મહત્વ આપી રહ્યા છે તેમ જણાવી, અફવાઓથી ગેરમાર્ગે નહી દોરાવાની અપીલ કરી હતી. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્દષ્ટિને કારણે ગુજરાતમા શુરૂ થયેલા ગરીબ કલ્યાણ મેળાને કારણે, અનેક શ્રમજીવી પરિવારો સ્વરોજગારી ક્ષેત્રે પ્રવૃત્ત થઈને પગભર બન્યા છે, તેમ જણાવતા ધારાસભ્ય શ્રી વિજય પટેલે, રાજ્ય અને કેન્દ્ર સરકારની કલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી આપી, જિલ્લામા ડેમ બાબતે પ્રવર્તતી ગેરસમજોથી ભયભિત ન થઈ, પ્રજાજનોની સુખાકારીને જ સરકાર અને જનપ્રતિનિધિઓ પ્રાધાન્ય આપી રહ્યા છે તેમ પ્રાસંગિક વક્તવ્યામા જણાવ્યુ હતુ. પ્રજાના દુ:ખે દુ:ખી અને સુખે સુખી એવા જનપ્રતિનિધિઓ ઉપર વિશ્વાસ રાખવાની પણ તેમણે આ વેળા અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરતા કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ કાર્યક્રમની રૂપરેખા રજુ કરી હતી. અંતે આભારવિધિ નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશીએ આટોપી હતી. ઉદ્ઘોષક તરીકે શ્રીમતી બીજુબાલા પટેલ અને સંદીપ પટેલે સેવા આપી હતી. પ્રાર્થના તથા સ્વાગત ગીત સરકારી માધ્યમિક શાળા આહવાની બાળાઓએ પ્રસ્તુત કરી હતી.

મુખ્ય સ્ટેજ ઉપરાંત ડાંગ જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામા તૈયાર કરાયેલા પેટા સ્ટેજ ઉપરથી સ્થાનિક પદાધિકારીઓ એવા ડાંગ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના ડિરેક્ટર શ્રી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, તાલુકા પંચાયતોના પ્રમુખશ્રી, બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી, શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી સહિત સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રીએ પેટા સ્ટેજના લાભાર્થીઓને વિવિધ યોજનાકીય લાભોનુ વિતરણ કર્યું હતુ.

ડાંગ જિલ્લાના મુખ્ય વહીવટી મથક આહવા ખાતે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પટાંગણમા યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામા આહવાના સરપંચ શ્રી હરિચંદ ભોયે, ભાજપાના મહામંત્રીઓ સર્વ શ્રી રાજેશભાઈ ગામીત, હરિરામ સાવંત, અને કિશોરભાઈ ગાવિત, શિક્ષણ સમિતિ અધ્યક્ષા શ્રીમતી નિલમ પટેલ, સહિતના પદાધિકારીઓ, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ડાંગ કલેકટર શ્રી ભાવિન પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.વિપિન ગર્ગની આગેવાની હેઠળ નિવાસી અધિક કલેકટર શ્રી પી. એ. ગાવિત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી, પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જે.ભગોરા, પ્રાંત અધિકારીશ્રી તથા તેમની ટીમે સમગ્ર કાર્યક્રમની કાર્ય વ્યવસ્થા સાંભળી હતી.

કાર્યક્રમના ભાગરૂપે રાજ્ય અને કેન્દ્ર સરકારની જુદીજુદી કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓએ તેમના પ્રતિભાવો અને સફળ ગાથા પણ રજુ કરી હતી. તો રાજ્યકક્ષાના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ ઉપસ્થિત મહાનુભાવો તથા લાભાર્થીઓએ નિહાળ્યુ હતુ. જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા કાર્યક્રમના સ્થળે 'કોવિડ-૧૯ વેક્સિનેશન કેમ્પ' સહિત જુદી જુદી યોજનાઓની જાણકારી પ્રસ્તુત કરાઈ હતી.

કાર્યક્રમમા કલેકટરશ્રી ભાવિન પંડ્યા સહિત જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.વિપિન ગર્ગ, પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા, નાયબ વન સંરક્ષકો સર્વેશ્રી અગ્નિશ્વર વ્યાસ અને રવિપ્રસાદ સહિતના પ્રશાસનિક અધિકારીઓ, ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓ, સ્થાનિક પ્રજાપ્રતિનિધીઓ, મીડિયા કર્મીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

જૂનાગઢમાં શિવરાત્રિના મેળા નિમિત્તે પોલીસ દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો

જૂનાગઢ ખાતે તાજેતરમાં યોજાનાર શિવરાત્રી મેળા માં લાખોની સંખ્યામાં ભાવિ ભક્તો આવનાર હોઈ તેમજ આ મેળામાં મહાનુભાવો હાજર રહેતા હોઈ, જૂનાગઢ પોલીસ દ્વારા જૂનાગઢ રેન્જના ડીઆઈજી શ્રી મનિંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ, જડબેસલાક બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.... આ શિવરાત્રી મેળાની સુરક્ષા માટે જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ ૦૭ ડીવાયએસપી, ૨૫ પોલીસ ઇન્સ., ૯૪ પોલીસ સબ ઇન્સ., ૧૪૦૮ પોલીસ સ્ટાફ સહિત ૬૬૯ હોમગાર્ડ, ૪૫૮ જીઆરડી, ૫૪ ટ્રાફિક જવાનો, ૧૪૦ મહિલા પોલીસ તેમજ ૦૨ એસઆરપી કંપની મળી, કુલ આશરે ૩,૦૦૦ અધિકારીઓ તથા પોલીસ સ્ટાફને ખાસ તૈનાત કરવામાં આવેલ છે. આ ઉપરાંત કુલ ૩૦ જેટલી રાવટીઓ જુદી જુદી જગ્યાએ ગોઠવી, તેમાં પણ પોલીસ તૈનાત કરવામાં આવેલ છે. હથિયારધારી માણસો પણ ગોઠવવામાં આવેલ છે. સમગ્ર મેળા બંદોબસ્તમાં મેટલ ડિટેક્ટર રાખી, ખાસ ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે અને રૂપાયતન ત્રણ રસ્તા તથા સ્મશાન ત્રણ રસ્તા ખાતે અમદાવાદ વડોદરાથી ખાસ બેગેજ સ્કેનર મંગાવી, યાત્રાળુઓને સામાનનું ચેકીંગ કરવા માટે બેગેજ સ્કેનરની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. જૂનાગઢ રેન્જના ડીઆઈજી શ્રી મનિંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લાના પોલીસ વડા શ્રી રવિ તેજા વાસમ શેટ્ટીના માર્ગદર્શન હેઠળ જુનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજા, કેશોદ ડિવિઝન ડીવાયએસપી જે.બી. ગઢવી, હેડ ક્વાર્ટર ડીવાયએસપી આર.વી. ડામોર, ડીવાયએસપી એચ.એસ.રતનું, માંગરોળ ડીવાયએસપી ડી.આર.કોડિયાતર, ડીવાયએસપી ડો. કે.કે.ઠાકુર, કાઈમ બ્રાન્ચના પી.આઈ. હરેન્દ્રસિંહ ભાટી, લોકલ ઈન્ટેલિજન્સ બ્રાન્ચના પીઆઈ એન.આર.પટેલ, સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પી.આઈ. એ.એમ.ગોહિલ, ભવનાથ પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. એમ.સી.ચુડાસમા, સહિતના અધિકારીઓ તથા સ્ટાફ દ્વારા ખાસ મેળા બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે.... .. ૦આ મેળા બંદોબસ્તમાં વોચ ટાવરની વ્યવસ્થા કરી, દૂરબીન, વોકિટોકી સાથે માણસો રાખી, ખાસ વોચ રાખવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેર વિસ્તારમાં પ્રવેશતા માર્ગો ઉપર વાહન ચેકીંગ માટે ચેક પોસ્ટ ઉપર પોલીસના માણસો દ્વારા ખાસ વાહન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત મેળાની ભીડમાં ચોરી, પિક પોકેટિંગ, છેડતી, કેફી પીણું પી ને ફરતા લુખ્ખા તત્વો, વિગેરે જેવા બનાવો રોકવા તેમજ ગુન્હેગારોને ઓળખવા કાઈમ બ્રાન્ચ તથા એસ.ઓ.જી. તેમજ ડી સ્ટાફના માણસોને ખાસ સાદા કપડામાં તૈનાત કરી, ગુન્હેગારો ઉપર વોચ રાખવા ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઉપરાંત આવા આવારા તત્વો તથા ગુન્હેગારો ઉપર નજર રાખવા બહારના જિલ્લાઓની કાઈમ બ્રાન્ચ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના માણસોને પણ ખાસ ફરજ ઉપર બોલાવવામાં આવેલ છે. વધુમાં જૂનાગઢ શહેરમાં પણ ખાસ નાઈટ દરમિયાન ચેકીંગ હાથ ધરી, હોટલ ધાબા ચેક કરવાની તથા પ્રોહીબિશનના બુટલેગરોને ચેક કરી, ગેર કાયદેસર પ્રવૃત્તિ ડામવા માટે સતત શિવરાત્રી સુધી જુદી જુદી ટિમો બનાવી, કોમ્બિગ સાથે ચેકીંગ હાથ ધરાવા પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે. વધુમાં, ખોવાયેલા અને ગુમ થયેલાં માણસો, બાળકો અને મહિલાઓ માટે ખાસ ખોયા પાયા સ્કવોડ ની રચના કરવામાં આવેલ છે.....

૦આમ, જૂનાગઢ પોલીસ દ્વારા શિવરાત્રી મેળામાં જડબેસલાક બંદોબસ્ત ગોઠવી, યાત્રાળુઓ મેળામાં નિર્ભય રીતે ફરી શકે અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પગલાઓ તથા બંદોબસ્તની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે...

અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

અંબાજીના એન.માર્ટને ૭૫ હજારનો દંડ ફાટકારતું ગ્રાહક સલાહ અને સુરક્ષા કેન્દ્ર.

જીએનએ અંબાજી:

ધર્મનગરી કાશી તરીકે ઓળખાય છે જ્યારે શક્તિપીઠ અંબાજી સરસ્વતી નગરી તરીકે જગવિખ્યાત છે. આ ધામમા માથાભારે તત્વો દ્વારા ઘણા ગેરકાનૂની કામ કરવામાં આવ્યા છે ત્યારે ગ્રાહક સુરક્ષા દ્વારા આવા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવતા બે નંબરના કામ કરતાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.જેમા અંબાજીના N mart plus મોલ અંબાજીને લીગલ મેટ્રોલોજી પેકેજડ કોમોડીટીઝ રુલ્સે – ૨૦૧૧ એક્ટ ની કલમ ૧૮/૧ હેઠળ બનાસકાંઠાની કચેરી દ્વારા ૭૫ હજાર રૂપિયા નો દંડ વસુલ કર્યો.

અંબાજી વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ છે વર્ષે દહાડે સવા કરોડ ઉપર યાત્રિકો એક જ સ્થળે દર્શન અને આસ્થાને લઈને આવે છે તેઓ એક ગ્રાહક તરીકેની પણ ભૂમિકા ભજવે છે આ યાત્રાળુઓ સાથે છડેચોક છેતરપીંડી થાય છે એટલુજ નહિ પરંતુ ઘર વખારીના સર સામાન વાળાઓ પણ ગ્રાહકોને ગેરમાર્ગે દોરી લુઝ અને એક્ષપાયરી વાળી આઈટમો પેકિંગમાં પેક કરી કાયદાનું પાલન કરવાનું વિચારતા પણ નથી.

આવી ગ્રાહક સલાહ અને સુરક્ષા કેન્દ્ર અંબાજીની ઓફિસે આધાર પુરાવાઓ સાથે ગ્રાહકો સાથે છેતરપીંડી થાય છે તેની વિગત મળતા સત્ય હકીકત છે કે નહીં ? ખાત્રી કરવા ગ્રાહક સલાહ અને સુરક્ષા મંડળના પ્રતિનિધીએ ગ્રાહક બની અંબાજી મુકામે આવેલ એન –માર્ટ પ્લસ મોલમાં વસ્તુની ખરીદી કરેલ તો ખરીદેલ પેકીંગ ચીજવસ્તુમાં લીગલ મેટ્રોલોજી પેકેજડ કોમોડીટીઝ રુલ્સે – ૨૦૧૧ પ્રમાણે સીલબંદ પેકેજો પર સૂચવેલ નિર્દેશોનું પાલન દેખાયેલ બિલકુલ નહિ આવી અનેક વસ્તુઓ હતી જેથી કાયદાનો ભંગ થતો હોય તોલ,માપ,વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી બનાસકાંઠા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી કાયદાની કલમ ૧૮/૧ મુજબ રૂપિયા ૭૫ હજારનો મોલના માલિક પાસેથી દંડ વસુલ કરી મુદ્દામાલ કબજે લીધેલ છે.

ગ્રાહકોએ પોતે જાગવું પડશે ગ્રાહકો સાથે થતી છેતરપીંડી રોકવા ૧૯૮૬ માં કાયદો બનાવવામાં આવેલ હતો તે કાયદામાં સુધારો કરવા જરૂરી લાગતા ગ્રાહક મંડળોની રજુઆતોને ધ્યાને લઈ ભારત સરકારે સુધારો કરી નવો ગ્રાહક ધારો-૨૦૧૯ બનાવેલ છે હવે ગ્રાહકોએ પોતાના હક્કો ઉપર તરાપ બાબતે જાગવું પડશે અંતે પોતે જે પૈસાની અવેજમાં જે વસ્તુ ખરીદે છે તે તમારી સુરક્ષા કરતુ છે કે નહિ તે ધ્યાને લેવું પડશે .

ગ્રાહક સલાહ અને સુરક્ષા મંડળના પ્રમુખશ્રી વિપુલ ગુર્જરિએ જણાવ્યું હતું કે, લીગલ મેટ્રોલોજી પેકેજડ કોમોડીટીઝ રુલ્સે – ૨૦૧૧ પ્રમાણે સીલબંદ પેકેજો પર નીચે પ્રમાણે ના જરૂરી નિર્દેશનો સુચવેલ છે તે ગ્રાહકોએ વસ્તુઓ ખરીદતા પ્રથમ ધ્યાને લેવા પડશે જેવા કે, પેકીંગ કરેલ ચીજવસ્તુરનું નામ /ઉત્પા દક / પેકરનું નામ, સરનામું /ઉત્પાદન / પેકીંગ કરેલ ચીજ વસ્તીનો માસ/વર્ષ / પેકીંગ કરેલ ચીજ વસ્તેનું નેટ વજન/ નંગ/મહત્તમ છૂટક વેચાણ કિંમત (તમામ કરવેરા સહિત)/કસ્ટમર કેર નંબર/email ID પણ ફરજીયાત દર્શાવવા વિગેરે વિવિધ જોગવાઈઓ તથા ધ્યાનમા રાખવા જેવી બાબતો /પેકેજ ઉપર દર્શાવેલ નિયત જથ્થાજ મુજબનો જથ્થો પેક કરવા/પેકેજ ઉપર છાપેલ કિંમત કરતા વધુ ભાવ ન લેવા/પેકેજ ઉપર કરેલ નિર્દેષનોમાં ચેડા ન કરવા/દરેક ચીજવસ્તુવની પેકીંગ સાઈઝ નક્કી કરવા/કોઈ પણ ચીજવસ્તુનું તેના વજન અથવા માપમાં પેકીંગ કરવા/પેકીંગ કરતા યુનિટોનું રજીસ્ટ્રેશન કરવા વિગેરે ..

રિપોર્ટર લક્ષ્મણ ઠાકોર અંબાજી

બેટી બચાવો બેટી પઢાવો× યોજનાના વલસાડ જિલ્લાના બ્રાન્ડ એમ્બેસેડર અને પ્રસાદી (પ્રસન્ન સાક્ષર દીકરી) કાર્યક્રમના પ્રણેતા ભાવનાબેન મિસ્ત્રીનું વલસાડ જીલ્લાના મહિલા અને બાળ વિભાગના અધિકારી કમલેશભાઈ ગિરાસે સાહેબના હસ્તે સન્માન.

આજે અરવલ્લીના મોડાસા ખાતે ગરીબ કલ્યાણ મેળો યોજાશે.

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

મોડાસ સરકારી ઈજનેર કોલેજ ખાતે મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણના હસ્તે લાભાર્થીઓને સાધન-સહાયનું વિતરણ કરાશે. દેશના પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબો માટે મહત્વાકાંક્ષી એવા ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી લાભાર્થીઓને હાથો હાથ સહાય અપાય તેનું સુદ્રઢ આયોજન કર્યું હતું.જે શ્રેણી રાજય સરકારે યથાવત રાખતા સમગ્ર ગુજરાતમાં ત્રિ-દિવસીય ગરીબ કલ્યાણ મેળો યોજાનારા છે.જે અંતર્ગત અરવલ્લી જિલ્લા ખાતે પણ ગરીબ કલ્યાણ મેળો યોજાશે. આજે તા-૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨,ગુરૂવારના સવારે ૯:૦૦ કલાકે મોડાસાની સરકારી ઈજનેર કોલેજ ખાતે યોજાનારા ગરીબ કલ્યાણ મેળામાં ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી અર્જુનસિંહ ચૌહાણ ઉપસ્થિત રહી ગરીબ લાભાર્થીઓને સહાય વિતરણ કરશે. માનવ ગરીમા યોજના,માનવ કલ્યાણ યોજના,વિભિન્ન આવાસ સહાય યોજના,બેંકેબલ સ્વરોજગારી યોજનાઓ,સમાજ સુરક્ષા યોજનાઓ,માતૃ અને બાળ કલ્યાણ યોજનાઓ,શિષ્યવૃત્તિ અને ઉચ્ચ અભ્યાસની યોજનાના લાભાર્થીઓને સહાય અને કીટનું વિતરણ કરશે.

બનાસકાંઠા ની ચકચારી ઘટના સાસરિયા બન્યા સૈતાન

પાલનપુરમાં પરિણીતાને પતિ, સાસુ- સસરાએ માનસિક-શારિરીક ત્રાસ આપી ગરમ ચીપિયાના ડામ દેતા ફરિયાદ નોધાઇ

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

બનાસકાંઠામાં પાલનપુર તાલુકાના રણાવાસની યુવતીના લગ્ન થરાદ તાલુકાના રાહ ગામે દસ મહિના અગાઉ લગ્ન થયા હતા. સાસરિયાં ધંધાર્થે મુંબઇ રહેતા હોવાથી તે સાથે ગઇ હતી. જોકે ઘરનાં કામકાજના મુદ્દે શારીરિક-માનસિક ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. સપ્તાહ અગાઉ પતિએ તેને નીચે પાડી હતી અને સાસુ-સસરાએ ગરમ ચીપિયાથી પગ અને સાથળના ભાગે ડામ દીધા હતા. તેને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. તેણે પતિ અને સાસુ-સસરા સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.પાલનપુર તાલુકાના રણાવાસ ગામના ડાહ્યાભાઇ ભેમાભાઇ

દેવીપૂજકની દીકરી રેખાબેન (ઉં.વ. ૨૦)ના લગ્ન દસ માસ અગાઉ થરાદ તાલુકાના રાહ ગામે રહેતા પ્રકાશભાઇ માલાભાઇ પરમારના દીકરા દેવેન્દ્રકુમાર સાથે સમાજના રિત-રીવાજ મુજબ થયેલા હતા. જ્યાં દસેક દિવસ રહ્યા પછી તેણી પતિ તથા મારા સસરાની મુંબઇ ખાતે મોબાઇલ રિપેરિંગની દુકાન હોઇ અને તેઓનું પોતાની માલિકીનું મકાન મુંબઇ જીવદયાની એપાર્ટમેન્ટ વિજયનગર, વસઇ- વિરાર વેસ્ટમાં આવેલું હોઇ ત્યાં રહેવા ગયા હતા. શરૂઆતમાં સારી રીતે રાખ્યા બાદ છેલ્લા ત્રણ-ચાર મહિનાથી તેણીનો પતિ તથા સાસુ-સસરા ઘરકામ બાબતે તેમજ અન્ય નાની નાની બાબતોમાં હેરાન પરેશાન કરી શારિરીક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતુ. દરમિયાન ગઇ તા. ૧૫/૦૨/૨૦૨૨ના રોજ રેખાબેન ઘરનું કામકાજ કરતી હતી તે વખતે પતિ તથા મારા સાસુ-સસરા તેની પાસે આવી એકદમ ઉશ્કેરાઇ જઇ તને ઘરનું કંઇ કામકાજ આવડતું નથી. અમારે તને ઘરમાં રાખવી નથી. તેમ કહ્યું હતુ અને પતિ દેવેન્દ્રએ તેણીને નીચે પાડી સપેટના ભાગે તથા પાછળની પીઠના ભાગે ગડદાપાટુનો માર માર્યો હતો. સાસુ-સસરાએ ઘરમાંથી ગરમ ચિપીયો લાવી બંને પગ ઉપર ચિપીયાના ડામ દીધા હતા અને આખો દિવસ માર મારી હેરાન પરેશાન કરી શારિરીક- માનસિક ત્રાસ આપ્યો હતો. આ અંગે તેણીએ અમીરગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે પતિ દેવેન્દ્રભાઇ પ્રકાશભાઇ માલભાઇ પરમાર, સસરા પ્રકાશભાઇ માલાભાઇ અને સાસુ સવિતાબેન પરમાર સામે ગૂનો નોંધી તપાસ હાથ ધરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.